**આજનો સુવિચાર**

જે વ્યકિત એક શાળા ખોલે છે, તે સંસારનું એક જેલખાનું બંધ કરી દે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૩૦ જૂનાગઢ તા.૧૬-૯-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 230, Junagadh : Date : 16 September, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


**મોદીને જન્મદિવસ પહેલાં જ મળી ગિફ્ટ**

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વના સૌથી પસંદગીના રાષ્ટ્રવડા

## વર્લ્ડ લીડર્સના સર્વે લિસ્ટમાં ૭૬% રેટિંગ સાથે પ્રથમ રહ્યા ભારતીય વડાપ્રધાન, સાતમા સ્થાને બાઈડન



નવી દિલ્હી તા.૧૬

ભારતના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસને સમગ્ર દેશમાં ભારે ઉત્સાહપુર્વક મનાવવા માટેની તૈયારીઓ થઈ ગઈ છે અને લોકોમાં ભારે ઉત્સાહ છવાયો છે. એ દરમ્યાન પીએમ મોદીને જન્મદિવસની પહેલા જ ખુબ જ મોટી ગીફ્ટ મળી છે. વર્લ્ડ લીડરના સર્વેમાં ૭૬ ટકા રેટીંગ સાથે ભારતના સ્વપ્રદ્રષ્ટાંતા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ સ્થાને રહ્યા છે. જયારે સાતમાં સ્થાને બાઈડન રહ્યા છે. વિશ્વના સૌથી લોકપ્રીય અને પસંદગીના વડા તરીકે નરેન્દ્ર મોદી ઉગ્રી આવતા તેઓને શુભેચ્છાઓનો વરસાદ વરસાવવામાં આવી રહેલ છે. જી-૨૦ સંમેલન બાદ કરવામાં આવેલા સર્વેમાં ૭૬% લોકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરી હતી. 'ધ મોર્નિંગ કન્સલ્ટ' એ વિશ્વભરના રાષ્ટ્રવડાઓનું સાપ્તાહિક રેટીંગ કરે છે. તા.૬થી૧૨ સપ્ટેમ્બર વચ્ચે કરવામાં આવેલા સર્વેમાં વડાપ્રધાન મોદીને સર્વાધિક રેટીંગ મળ્યું છે અને ૭૬% લોકોએ મોદીને વૈશ્વિક નેતા ગણાવ્યા હતા અને ૧૮% તેમાં નેગેટીવ વોટ આપ્યો હતો. તો સ્વીઝ રાષ્ટ્રપતિ અલેન બરસેંટ તે ક્રમમાં નંબર-ટુ રહ્યા છે અને ૬૪% લોકોએ તેને વિશ્વના સૌથી પસંદગીના નેતાનું બિરૂદ આપ્યુ છે. રસપ્રદ બાબત એ છે કે, અમેરિકાના પ્રમુખ જો બાઈડન અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ એમૈનુલ મેક્રો તથા બ્રિટનના વડાપ્રધાન ઋષી સુનકને તેમના દેશમાં પોઝીટીવ કરતા નેગેટીવ વોટ વધુ મળ્યા છે.

## દિલ્હીની ઝુપડપટ્ટી બહાર ભરઊંઘમાં સૂતેલા પાંચ લોકો ઉપર વાહન ફરી વળતા બેના મોત

નવી દિલ્હી તા.૧૬ : ઉત્તર દિલ્હીના સિવિલ લાઈન્સ વિસ્તારમાં ઝૂંપડપટ્ટીની બહાર સૂઈ રહેલા પાંચ લોકોને ટાટા એસે કચડી નાખ્યા. જેમાં એક માસુમ બાળક સહિત બે લોકોના મોત થયા હતા અને ત્રણ ઘાયલ થયા હતા. ટોળાએ ડ્રાઈવરને સ્થળ ઉપર જ પકડી લઈ તેને પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે મોટા શહેરોમાં અવાર-નવાર હિટ એન્ડ રનની ઘટના બનતી હોય અને જેને લઈને નિર્દોષ લોકોના અકાળે મૃત્યું થવાના બનાવના પગલે લોકોમાં ભારે રોષ છવાયો છે અને બિન જવાબદાર રીતે વાહન ચલાવી અકસ્માત સર્જનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

# લખનઉમાં દુર્ઘટના : છત પડવાથી એક જ પરિવારના પાંચના મોત

## આલમબાગની રેલ્વે કોલોની ખાતે કરૂણાંતિકા સર્જાઈ

લખનઉ તા.૧૬

ઉત્તર પ્રદેશના લખનઉમાં આલમબાગની રેલ્વે કોલોની ખાતે એક દુર્ઘટના બનવા પામી હતી. જેમાં એક જર્જરિત મકાનની છત પડવાથી એક જ પરિવારના પાંચના કરૂણ મૃત્યું થતા અરેરાટી વ્યાપી ગઈ છે. આ બનાવ અંગે પ્રાપ્ત થતા અહેવાલ અનુસાર, આલમબાગ ખાતે આવેલી રેલ્વે કોલોની ખાતે એક જર્જરિત મકાનમાં આ કરૂણાંતિકા સર્જાઈ હતી અને ત્રણ બાળકો સહિત કુલ પાંચના મૃત્યું થયા હતા. મધ્યવર્ગીય એક જ પરિવારના પાંચના મૃત્યુ થતા શોકની કાલીમા છવાઈ છે. દરમ્યાન આ દુર્ઘટના અંગેની જાણ સ્થાનિક પોલીસ તંત્રને થતા બનાવને સ્થળે પોલીસનો કાફલો પહોંચી ગયો હતો. જયારે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. દરમ્યાન બચાવ અને રાહતની કામગીરી પુરજોશથી હાથ ધરવામાં આવી છે. મકાનના છત પડી જવાના બનેલા આ હાતશામાં પાંચના મૃત્યું થયા છે ત્યારે આ મધ્યમવર્ગી પરિવાર ઉપર આભ તુટી પડયું છે અને કાળોકળપાત થઈ રહ્યો છે. એવું જાણવા મળે છે કે આ મકાન ખુબ જ જર્જરિત હોય અને નોટિસ પણ પાઠવવામાં આવી હતી અને ત્યાં જ આ દુર્ઘટના સર્જાઈ છે. અકે સાથે એક પરિવારના પાંચના કરૂણ મોતે અરેરાટી વ્યાપી ગઈ છે અને અચાનક બની ગયેલી આ ઘટનામાં ભુલ કોની ? તેવો સવાલ ચર્ચાઈ રહ્યો છે. બીજી તરફ આ કરૂણ દુર્ઘટનાની જાણ થતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દુઃખની લાગણી વ્યકત કરી છે.

## જમ્મુ કાશ્મીરના બારામુલા જીલ્લાના ઉરી સેકટરમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં વધુ એક આતંકવાદી ઠાર

અનંતનાગ તા.૧૬

જમ્મુ-કાશ્મીરના બારામુલા જિલ્લાના ઉરી સેકટરમાં આજે સવારે સુરક્ષા દળો સાથેની અથડામણ દરમ્યાન એક આતંકવાદી માર્યો ગયો હતો. સુરક્ષા દળોએ આ વિસ્તારને ઘેરી લીધો છે. હજુ કેટલાક આતંકીઓ છુપાયા હોવાની આશંકા છે. અનંતનાગ જિલ્લાના કોકરનાગ વિસ્તારમાં સુરક્ષા દળોનું આતંકવાદ વિરોધી અભિયાન સતત ચોથા દિવસે પણ ચાલુ છે. બેથી ત્રણ આતંકવાદીઓ જંગલોમાં છુપાયેલા છે. સુરક્ષા દળો તેમને શોધવામાં વ્યસ્ત છે. ડ્રોન દ્વારા આતંકવાદીઓ ઉપર નજર રાખવામાં આવી રહી છે અને તેમને તેમના છિદ્રોમાંથી બહાર કાઢવા માટે બોમ્બ ધડાકા કરવામાં આવી રહ્યા છે. જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં સતત ચોથા દિવસે એન્કાઉન્ટર ચાલુ છે. બુધવારે વહેલી સવારે શરૂ થયેલા આ એન્કાઉન્ટરમાં અત્યાર સુધીમાં ચાર જવાન શહીદ થયા છે. આતંકવાદીઓને ખતમ કરવા માટે સેનાના જવાનો રોકેટ લોન્ચર અને હેક્સાકોપ્ટર ડ્રોન વડે આતંકીઓના ઠેકાણાઓ પર બોમ્બ ફેંકી રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે, કોકરનાગના જંગલોમાં હાજર પહાડીઓમાં ૨ થી ૩ આતંકીઓ છુપાયેલા હોઈ શકે છે. સુરક્ષા દળોએ આતંકીઓને ઘેરી લીધા છે. આતંકવાદીઓ ઉપર સતત બોમ્બ ફેંકવામાં આવી રહ્યા છે. ડ્રોનથી આતંકવાદીઓના ઠેકાણાઓ ઉપર બોમ્બ ફેંકવામાં આવી રહ્યા છે.


**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**


કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



**ફલેટ વેચવાનો છે**

2 BHK ડાઈનીંગ, ફલેટ
2BHK ડાઈનીંગ, નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦



**ચૌહાણ ડેન્ટલ એન્ડ હોમિયોપેથીક કલીનીક**



**ડો. દુષ્યંત ચૌહાણ**
B.D.S, M.D.S.
(ઓરલ એન્ડ મેકિસલોફેશીયલ સર્જરી)
દાંત, મોં અને જડબાનાં રોગના સુપર સ્પેશ્યાલીસ્ટ

:: સ્પેશ્યાલીટી ::
- ડહાપણ દાઢની સારવાર
- મોં અને જડબાનાં ફ્રેકચરની સારવાર
- તમાકુ / સોપારીથી બંધ થયેલા મોંની સારવાર
- મોં અને જડબાની રસોળી તથા ગાંઠની સારવાર
- જડબાનાં સાંધાની સારવાર
- ડેન્ટલ ઈમ્પ્લાન્ટ (જડબામાં સ્ક્રુ ફીક્સ કરી દાંત બેસાડવા

૨૦૧૯થી મધુરમ / ટીંબાવાડી વિસ્તારમાં સેવા આપતું સુપર સ્પેશ્યાલીસ્ટ કલીનીક

આ ઉપરાંત દાંત તથા જડબમનાં બધા રોગોની સારવાર ફકત સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા

સ્ટાર પ્લેટિનમ કોમ્પ., ફર્સ્ટ ફલોર, મધુરમ બસસ્ટોપની સામે, મધુરમ બાયપાસ, જૂનાગઢ. મો.૯૫૧૨૩ ૭૩૭૭૯



**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**



**મકાન વેચવાનું છે**

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, કિંમત રૂા. ૩૫ લાખ તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.
ફોન કરવાનો સમય
સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮

**મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧**



॥રામ॥


**કલ્પ ઉપવન**
રેસીડેન્સી
અવસર પાર્ટી પ્લોટની સામે, વાડલા ફાટક, વંથલી રોડ, જૂનાગઢ.

જૂનાગઢના
વાડલા ફાટક પાસે
દરેક પરિવારને પરવડે તેવા ભાવમાં....
શહેરના અતિ વિકસીત વિસ્તારમાં
રેસીડેન્સીયલ
ખુલ્લા સ્વતંત્ર પ્લોટ પ્રોજેક્ટ...

૯૫ થી ૧૯૦ વારના ખુલ્લા પ્લોટ



૧૫ માસની મુદત/સરળ હપ્તા








મજબુત એન્ટ્રી ગેઈટ | સીક્યુરીટી માટે કેબીન | બાળકો માટે પ્લે ગ્રાઉન્ડ | સીક્યુરીટી માટે કેમેરા | પુરતા પ્રમાણમાં સ્ટ્રીટ લાઈટ | મજબુત સી.સી રોડ રસ્તા | સુઆયોજીત ગટર વ્યવસ્થા | ફરતી બાજુ કંપાઉન્ડ વોલ

લોકેશન જાણવા માટે સ્કેન કરો

ISHAAN GROUP
બુકીંગ સંપર્ક
આશિષ ઉપાધ્યાય - 99095 50000
ધવલ ત્રાંબડીયા - 99989 93828

પ્લાન મેળવવા માટે સ્કેન કરો

# કેશોદમાં પોષણ સાથે ભણતર સ્માર્ટ આંગણવાડી કેન્દ્રમાં અપાય છે અદ્યતન ટેક્નોલોજીથી શિક્ષણ

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૬



સમગ્ર રાજ્ય માં બાળકો મનોરંજન સાથે ભણી શકે એ માટે સ્માર્ટ આંગણવાડી બનાવવામાં આવી રહી છે. કેશોદના આંગણવાડી કેન્દ્ર નંબર ૧૨ મેઘના સોસાયટી વિસ્તારમાં સ્માર્ટ આંગણવાડી બનાવવામાં આવી છે. જેમાં બાળકોને મોટી ૬૫ ઇંચની ટીવીમાં વાર્તા, બાળ ગીતો, રમતો અંગે શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. સાથોસાથ વિવિધ આધુનિક કીટ પણ બાળકોને આપવામાં આવી છે જેના થકી બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પણ મળી રહે છે. જે બાળકો પહેલાં આંગણવાડી એ આવતા ડરતા હતા એ જ બાળકો હવે ઉત્સાહભેર આંગણવાડી એ પહોંચી મનોરંજન સાથે ભણી રહ્યા છે. બાળકોના પૂર્વ શિક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા અદ્યતન સાધનોથી સજ્જ આંગણવાડી ઓ બનાવવામાં આવી છે. હવે સ્માર્ટ આંગણવાડીઓ બનાવવામાં આવી રહી છે. જેના થકી બાળકોના પૂર્વ શિક્ષણ માટે અદ્યતન સાધનો વડે શિક્ષણ આપવામાં આવે છે અને આથી જ બાળકોનો શારીરિક - માનસિક વિકાસ થઈ રહ્યો છે. સ્માર્ટ આંગણવાડી બનાવવામાં આવી છે.કેશોદ નગરપાલિકા વિસ્તારમાં વોર્ડ નંબર આઠ માં આવેલ આંગણવાડી કેન્દ્ર નંબર ૧૨ સ્માર્ટ આંગણવાડીમાં થાય છે કે, જ્યા બાળકોને મોટી એલઈડી ટીવી, આધુનિક સાધનો વડે શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મીરાંત પરીખ ની વિવેકાધીન ગ્રાન્ટમાંથી કુલ રકમ રૂ.૨૬,૪૯,૯૦૦ના અનુદાનથી જિલ્લા પંચાયત, જૂનાગઢના તાબા હેઠળની કુલ પાંચ આંગણવાડી કેન્દ્રોને પ્રતિ આંગણવાડી કેન્દ્ર દીઠ રૂ.૫,૨૯,૯૮૦ અનુદાન કરીને સ્માર્ટ આંગણવાડી બનાવવા માટે થઈને સ્માર્ટ કીટ આપવામાં આવી છે. જેમાં Earth Kit, Mars Kit, Link Kit, Count Kit, Tunes Kit, L^aters Kit, Coding Kit, Chess Kit, Cards Kit, Doctor Kit, 65 Inch Interactive panel with eLearning content, Interactive poster આ સ્માર્ટ ઈન્ટેલિજન્સ કીટ મારફત આંગણવાડી નાં બાળકોને આજનાં આધુનિક યુગમાં જ્ઞાન સાથે ટેકનોલોજી તેમજ બાળકોને આંગણવાડી ખાતે પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળી રહે તેવા શુભ આશય સાથે સ્માર્ટ આંગણવાડી બનાવવામાં આવી છે.આ સ્માર્ટ આંગણવાડીઓમાં બાળકોમાં શારીરિક, બૌદ્ધિક વિકાસની થીમ સાથે શિક્ષણ શરૂ કરાયું છે. આ આંગણવાડીમાં સ્ટોર રૂમ, ટીવી રૂમ, ડિજિટલ બોર્ડ, સ્ટાઈલિશ બેઠક વ્યવસ્થા, અવનવા રમકડાની સુવિધા રાખવામાં આવી છે. ખાસ તો રંગબેરંગી ચિત્રો, આલ્ફાબેટ? થી દિવાલો રંગવામાં આવી છે. બાળકો વ્યવસ્થિત બેસીને અભ્યાસ કરી શકે તે માટે બેન્ચીસ તેમજ ખુરશીઓની પણ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ભણતર સાથે પુરતુ પોષણ મળી રહે તેની પણ તકેદારી રાખવામાં આવે છે. બાળકોને બપોરનું ગરમ રાંધેલ ભોજન ૩ થી ૬ વર્ષના બાળકો માટે આંગણવાડી કેન્દ્ર પર આંગણવાડી કાર્યકર અને હેલ્પર દ્વારા રૂપિયા ૩ પ્રતિ/દિવસ/ બાળકની મર્યાદામાં બનાવીને આપવામાં આવે છે. પ્રોટીન, તુવેર દાળ, ચણા દાળ, સોયા ટુકડાઓ સાથે ભોજન માટે આંગણવાડીઓમાં ફરતા મેનુમાં વાનગીઓ તૈયાર કરવામાં આવે છે. તે ઉપરાંત ધાત્રી માતાઓ અને કિશોરીઓને પણ પોષણક્ષમ આહાર આપવામાં આવે છે.

# કેશોદના પુર્વ ડીવાયએસપી જે. બી. ગઢવીની સંનિષ્ઠ કામગીરીને યાદ કરતાં શ્રમિક પરિવારો





(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૬

કેશોદના માંગરોળ રોડ પર નવી આધુનિક સુવિધાઓવાળી ડીવાયએસપી કચેરી બનાવવામાં આવ્યાં બાદ ત્યારે ફરજ બજાવતાં ડીવાયએસપી જે. બી. ગઢવી દ્વારા કાર્યરત કરવામાં આવી હતી. કેશોદ પોલીસ વિભાગનાં ડીવાયએસપી જે. બી. ગઢવી શહેરથી સાતેક કિલોમીટર દુર ડીવાયએસપી કચેરી આસપાસનાં વિસ્તારમાં ઝુંપડામાં રહેતાં દેવીપુજક , વણઝારા,લૂવારીયા, મારવાડી સમાજનાં શ્રમિકો સવારે રોજીરોટી માટે નીકળી જતાં પાછળ બાળકો એકલવાયું દયનીય સ્થિતિમાં પોતાનું બાળપણ બગાડી રહ્યાં હતાં ત્યારે સંવેદનશીલ,સરળ સ્વભાવનાં, મિલનસાર ડીવાયએસપી જે. બી. ગઢવી સાહેબનું હૃદય દ્રવી ઉઠ્યું અને કાંઈક કરી છૂટવાનું મનોમન નક્કી કરી દ્રઢ સંકલ્પ કર્યો હતો. કેશોદ ડીવાયએસપી ઓફિસ આસપાસના બાળકોને બોલાવી નાસ્તો આપવાની સાથે સાથે વિશ્વાસ કેળવી તમામ શ્રમિકો ભિક્ષુકોનાં બાળકોને શિસ્તની સાથે સંસ્કારનું સિંચન કરી સુદ્રઢ સમાજની રચના કરવી. કેશોદ પોલીસ વિભાગનાં પુર્વ ડીવાયએસપી જે. બી. ગઢવી દ્વારા પોતાનાં હકારાત્મક અભિગમમાં કેશોદ શહેર આસપાસના પંથકમાં સુવાસ ફેલાતાં ગોવંશ માટે નિરણ ચારો ઉપરાંત માંગલિક કાર્ય કે શુભ પ્રસંગે સૌ લાડુ,ખોળ કપાસીયા દાન પેટે આપવા લાગ્યા હતા અને શ્રમિકો ભિક્ષુકો નાં બાળકો માટે રમકડાં, બુટ ચંપલ,નાની સાઈકલો, રમવા માટે હિંચકા લપસણી જેવા સાધનો દાતાઓના સહયોગથી ઉપલબ્ધ થતાં કેશોદ પોલીસ વિભાગનાં પુર્વ ડીવાયએસપી જે. બી. ગઢવીનાં ઉત્સાહમાં ઉમેરો થયો હતો. કેશોદના ચાંદીગઢ પાટીયા પાસે ઝુંપડા કુબા બાંધીને છુટક ફેરી કે મજુરીએ જતાં પરિવારનાં મોભીઓને પોતાનાં બાળકો સુરક્ષિત અને સલામત હોવાનો અહેસાસ થતાં ચિંતામુક્ત બની કામ ધંધે જતાં હતાં ત્યારે કોઈની ભારે નજર લાગી હોય એમ પુર્વ ડીવાયએસપી જે. બી. ગઢવીની બદલી થતાં ડીવાયએસપી કચેરીનાં પટાંગણમાં નાનાં નાનાં ભૂલકાંઓનો કલબલાટ ખિલખિલાટ બંધ થઈ જતાં નાછુટકે બાળકોને સાથે લઈ જવાં પડે છે કે ભગવાન ભરોસે છોડી કામ ધંધે જવા મજબુર બન્યાં છે. કેશોદ ડીવાયએસપી કચેરી માંગરોળ રોડ પર બનતાં પીવાનાં પાણીની વ્યવસ્થા કરવામાં આવતાં આ વિસ્તારના શ્રમિકો છેક ગૌશાળા પીવાનું પાણી ભરવા જવું પડતું હતું એ આવશ્યક જરૂરિયાત પુરી થતાં ખુશી વ્યાપી ગઈ હતી. કેશોદના માંગરોળ રોડ પર ચાંદીગઢ પાટીયા આસપાસના વિસ્તારમાં રખડતાં ભટકતાં પશુઓને કારણે રોજીંદા આકસ્મિક ઘટનાઓ બનતી હોય અને નિર્દોષ વાહનચાલક ગંભીર ઈજાગ્રસ્ત કે મોતને ઘાટ ઉતારતાં પુર્વ ડીવાયએસપી જે. બી. ગઢવી એ ગૌસેવકોનાં સહયોગથી ગૌશાળા શરૂ કરી સેવાની સાથે પરમાર્થનું કાર્ય શરૂ કર્યું હતું. કેશોદ ડીવાયએસપી કચેરી ખાતે વિવિધ વૃક્ષોનું વૃક્ષારોપણ કરી જતન કરી ઉછેર કરવામાં આવતાં આજે ડીવાયએસપી કચેરી પુષ્પોની સુગંધથી મહેંકી રહી છે જેનાં યશના ભાગીદાર પુર્વ ડીવાયએસપી જે. બી. ગઢવી છે. સરકારનાં ધારાધોરણ મુજબ તેઓની બદલી થતાં શિરસ્તો બંધ થઈ જતાં નાનાં નાનાં ભૂલકાંઓ નિરાશ થઈ ગયાં છે અને આજની સ્થિતિ એવી નિર્માણ થઈ છે કે શ્રમિકો ભિક્ષુકોનાં બાળકો કેશોદ શહેરની બજારોમાં ખિલખિલાટ ભુલી બટકું રોટલો મળે તે માટે રઝળપાટ કરી રહ્યાં છે ત્યારે જવાબદાર તંત્ર અને પ્રજાનાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ પદાધિકારીઓ દ્વારા કેશોદ પોલીસ વિભાગનાં પુર્વ ડીવાયએસપી જે. બી. ગઢવી દ્વારા શરૂ કરવામાં આવેલ સદવિચારને જીવીત રાખવા આગળ આવશે તો સંખ્યાબંધ બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બની શકશે.

# રાજકોટ જિલ્લાના નગરપાલિકા વિસ્તારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસે ૯ હેલ્થ અને વેલનેસ સેન્ટરનું લોકાર્પણ થશે

(પંકજ ઝીબા દ્વારા)


રાજકોટ તા.૧૬

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ નિમિતે આરોગ્ય વિભાગની લાભકારક યોજના એવી 'આયુષ્માન ભારત -પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' અંતર્ગત નગરપાલિકા વિસ્તારમાં હેલ્થ અને વેલનેસ સેન્ટરનું લોકાર્પણ થશે. જેમાં રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં ૩, જેતપુરમાં ૨, ધોરાજીમાં ૨ ઉપલેટામાં એક અને જસદણમાં એક મળી કુલ નવ હેલ્થ અને વેલનેસ સેન્ટર કાર્યરત થશે. તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. નિલેશ રાઠોડે જણાવ્યુ છે. આ હેલ્થ અને વેલનેસ સેન્ટરમાં એક મેડિકલ ઓફિસર, એક સ્ટાફ નર્સ, એક મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર(SI), એક આયાબેન અને એક સિક્યુરિટી મળી કુલ ૫(પાંચ) જગ્યાઓ મંજુર કરવામાં આવી છે, જેમાની બધી જગ્યાઓ ભરાઈ ગયેલ છે. ૯ મેડિકલ ઓફિસરને ઓર્ડર અપાઈ ગયા છે. આ હેલ્થ અને વેલનેસ સેન્ટર ખાતે કાયમી ઓ.પી.ડી.ની સેવાઓમાં કુલ ૧૦૯ ઉપરની દવાઓ અને સાત પ્રકારના મેડિકલ ટેસ્ટ કરી આપવામાં આવશે. અહીં અપાતી કુલ બાર પ્રકારની સેવાઓમાં સગર્ભા માતાની સેવાઓ, નવજાત બાળકની સેવાઓ, કિશોર અને કિશોરીની સેવાઓ, કુટુંબ કલ્યાણની સેવાઓ, ચેપી રોગ જેવાકે મેલેરિયા, ડેન્ગયુ અને બિન ચેપી રોગો જેવા કે બીપી, ડાયાબિટીસ જેવા રોગોની સેવાઓનો સમાવેશ થાય છે. બીમાર લોકોની સારવારની સાથે સાથે અહી લોકો બીમાર જ ના થાય તે માટે પણ યોગ પ્રાણાયામ,ધ્યાન, ચાલવાનું, સાયકલિંગ વગેરે વિશે પણ માર્ગદર્શન આપવામાં આવશે. લોકોને યોગ અને પ્રાણાયામ કરવા માટે પ્રેરણા આપવામાં આવશે. આ સાથે પહેલા ફક્ત સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં જ અપાતી આંખ, કાન, નાક, ગળા, માનસિક રોગ અને ઈમર્જન્સી રોગોમાં પ્રાથમિક સારવાર પણ અહીં ઉપલબ્ધ કરવામાં આવશે. આયુષ્માન કાર્ડ, Abha કાર્ડ એટલે કે હેલ્થ કાર્ડને લગત સેવાઓ પણ અહીં આપવામાં આવશે.

# ખંભાળિયા પંથકમાં વરસાદી ઝાપટું : માર્ગો તરબતર બન્યા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬



ખંભાળિયા શહેર તથા તાલુકાના જુદાજુદા વિસ્તારોમાં ગઈકાલે શુક્રવારે બપોરે છૂટાછવાયા વરસાદી ઝાપટા વરસ્યા હતા. આ વરસાદના પગલે માર્ગ ઉપર પાણી ચાલી નીકળ્યા હતા. આજે દિવસ દરમ્યાન ભારે બફારા વચ્ચે વરસાદી માહોલ રહ્યો હતો. પરંતુ મુશળધાર વરસાદની આશા ઠગારી નીવડી હતી.

# આદર્શ નિવાસી શાળા કેશોદ ખાતે જૂનાગઢ જિલ્લા કક્ષા શાળાકીય વોલીબોલ સ્પર્ધા યોજાઈ

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૬



કેશોદ શાળાકીય રમતોત્સવ ૨૦૨૩ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર જૂનાગઢ દ્વારા આદર્શ નિવાસી શાળા કેશોદના પટાંગણમા જૂનાગઢ ગ્રામ્ય જિલ્લાકક્ષા અન્ડર -૧૪,૧૭ અને અન્ડર ૧૯ વર્ષ વય જૂથના ખેલાડી ભાઈઓ બહેનોની વોલીબોલ સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ. આ સ્પર્ધામાં તાલુકાની વિજેતા થયેલ ૩૨ જેટલી ટીમોએ ખૂબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.આ સ્પર્ધાના જુદા જુદા વય જૂથના વિજેતા અને પસંદગી પામેલ ખેલાડીઓ આગામી દિવસોમાં માણસા અને મહેસાણા મુકામે યોજનાર રાજ્યકક્ષાએ જૂનાગઢ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે અને જૂનાગઢ જિલ્લાના ખેલાડી ભાઈઓ બહેનો મેડલ અપાવશે તેવી પૂરી આશા સેવાઈ રહી છે.આ સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે શૈલેષ પરમાર સાથે જુદી જુદી શાળાના વ્યાયામ શિક્ષક,ઈન સ્કુલ ટ્રેઈનર, ડી.એલ. એસ.એસ. કોચિસ વગેરે એ સેવા બજાવેલ. સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને, જિલ્લા નાયબ નિયામકશ્રી કે.વી.ભરખડા, જિલ્લા રમત વિકાસ અધિકારી ગૌરાંગ નરે, આચાર્ય એમ.ડી. દાહીમાં, અનિલભાઈ રાઠોડ, રામસિંહ ભાઈ પરમાર,રાજ્ય આચાર્ય સંઘના ઉપપ્રમુખશ્રી જે.બી. હુંબલ, હીરાભાઈ મૂછાળ, રાજુભાઈ બાલધિયા, ગીરીશ બગીયા વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા. આ સમગ્ર સ્પર્ધાનુ આયોજન સંચાલન જિલ્લા કન્વીનર ડૉ.હમિરસિંહ વાળા દ્વારા કરવામાં આવ્યું હતુ.

# વેરાવળ ફેઝ-૨ મત્સ્ય બંદર વિકસાવવાના કામો ઓક્ટોબર-૨૦૨૫માં પૂર્ણ કરાશે : મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૬

રાજ્યના મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, રાજ્યમાં માછીમારોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યમાં ૧,૬૦૦ કિલોમીટર દરિયાકાંઠે માછીમારી પ્રવૃત્તિનો વ્યાપ વધે અને બંદરોનો વિકાસ થાય એ માટે પણ સતત પ્રયાસો ચાલુ છે. તેના ભાગરૂપે વેરાવળ ફેઝ-૨ મત્સ્ય બંદર વિકસાવવાની કામગીરી ઓક્ટોબર-૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરાશે. વિધાનસભા ખાતે વેરાવળ ફેઝ-૨ મત્સ્ય બંદર વિકસાવવાની કામગીરીના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીએ ઉમેર્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મત્સ્યોદ્યોગ અને માછીમારોના સર્વાંગી વિકાસ માટે જે પ્રયાસો હાથ ધર્યા હતા જેના પરિણામે મત્સ્ય ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિવિધ બંદરોના વિકાસની કામગીરી પ્રગતિ હેઠળ છે. ગીર સોમનાથ જિલ્લામાં અંદાજીત રૂપિયા ૭૦૦ કરોડના ખર્ચે વેરાવળ, સુત્રાપાડા અને માઢવાડ બંદરોના કામો પ્રગતિ હેઠળ છે. આ કામો લાંબાગાળા સુધી માછીમારોને લાભ થાય એ મુજબ ગુણવત્તા યુક્ત થાય એની સંપૂર્ણ તકેદારી રાખવામાં આવે છે. તેમણે ઉમેર્યું કે, વેરાવળ ફેઝ-૨ પ્રોજેક્ટના વિકાસ થવાથી નવી ૪,૫૦૦ જેટલી બોટોને સુવિધા ઉપલબ્ધ થશે. તેમજ બારમાસી માછીમારીની સુવિધા પણ મળશે. આ બંદર વિકાસ થકી આશરે ૪૨ હજાર જેટલા લોકોને સીધી રોજગારી મળશે. તેમણે કહ્યું કે ૧,૬૦૦ કિલોમીટર દરિયા કિનારા ઉપર માછીમારો ડીપ-સી ફિશીંગ કરી શકે તે માટે અભ્યાસ ચાલુ છે. જે ટૂંક સમયમાં શરૂ થાય તેવા અમારા પ્રયાસો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

# ગુજરાત સ્થાનિક સત્તામંડળ સુધારા વિધેયક-૨૦૨૩ ગુજરાત વિધાનસભામાં પસાર

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની સરકાર રાજ્યના ઓ.બી.સી./એસ.ટી. અને એસ.સી.વર્ગોના હિતો માટે હંમેશાથી સંવેદનશીલ છે. રાજ્યમાં શહેરી ઉપરાંત ગ્રામ્ય સ્તરે સર્વસમાવેશક વિકાસ થાય તે દિશામાં રાજ્ય સરકારે હંમેશા પ્રયાસો હાથ ધર્યા છે. સમાજના દરેક વર્ગને વિકાસની મુખ્યધારામાં જોડીને રાજ્યનો વિકાસ હાથ ધરાયો છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગોને બેઠકો તેમજ ચેરપર્સનની બેઠકોમાં અનામત ફાળવણી માટે સુપ્રિમ કોર્ટના દિશા-નિર્દેશ અનુસાર જસ્ટીસ ઝવેરી કમિશનની રચના કરવામાં આવી હતી. આ કમિશને પોતાનો અહેવાલ રાજ્ય સરકારને રજૂ કર્યો હતો.


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સેલ્સમેનની જરૂર છે જેન્સ ભાઈઓની
લેડીઝ વેર માટે સેલ્સમેનની ભાઈઓની જરૂર છે. કમીશન તથા આકર્ષીત પગાર
: કોન્ટેક :
મો. ૬૩૫૨૦ ૦૯૫૧૫


પંચહાટડી ચોક માંગનાથ રોડ
વિસ્તારમાં ગ્રાઉન્ડ ફલોરમાં ૪૫૦ ચોરસફુટ દરેક ધંધાને માટે યોગ્ય દુકાન વેંચવાની છે ભાવ ૧૫૦૦૦/ રૂ. ચોરસફુટ
:: કોન્ટેક ::
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે
શ્રી જલારામ
ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શ્રાવણ માસ નિમિત્તે ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

# જૂનાગઢની આર.એસ.કાલરિયા પ્રાયમરી સ્કુલમાં આવતીકાલે રવિવારે સમર્પણ સેતુ કાર્યક્રમ યોજાશે

## આવક-જાતિના દાખલા, વૃદ્ધ પેન્શન યોજના, રાશનકાર્ડ, આયુષ્માન કાર્ડ, સિનિયર સિટીઝન પ્રમાણપત્ર સહિતની વિવિધ સેવાઓ એક જ જગ્યાએ પુરી પડાશે

જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢ શહેરી વિસ્તારના લોકો માટે આગામી રવિવારના રોજ સમર્પણ સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાતિ પ્રમાણપત્ર, નોનક્રિમી, પ્રમાણપત્ર, આવકનો દાખલો, સિનિયર સિટીઝન પ્રમાણ, વૃદ્ધ પેન્શન યોજના, રાશનકાર્ડ, આયુષ્માન કાર્ડ સહિતની વિવિધ સેવાઓ એક જ જગ્યાએ પુરી પાડવામાં આવશે. જૂનાગઢ શહેરી વિસ્તારના લોકોને આરોગ્ય વિષયક તેમજ અન્ય જરૂરી સેવાઓ સરળતાથી મળી રહે તેવા સરકારના ઉમદા આશયથી આવી પ્રાથમિક સેવાઓ લોકોને એક જ દિવસમાં મળી રહે તેવી સેવાઓ પુરી પડવા જૂનાગઢ શહેર વિસ્તાર માટે તા.૧૭/૯/૨૦૨૩ને રવિવારના રોજ સવારે ૯થી ૫ વાગ્યા સુધી (અરજી સ્વીકારવાનો સમય બપોરના ૨ વાગ્યા સુધીનો જ રહેશે) શહેરની શ્રીમતિ આર.એસ.કાલરિયા પ્રાયમરી સ્કુલ તેમજ શ્રી પટેલ કેળવણી મંડળ ઓફ ટેકનોલોજી કોલેજ રોડ, હાઉસીંગ સામે જૂનાગઢ ખાતે સમર્પણ સેતુ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં જુદા જુદા ખાતા/કચેરી તરફથી નિયત થયેલ વિવિધ સેવાઓ જેવી કે, જાતિ પ્રમાણપત્ર, નોન ક્રિમી.પ્રમાણપત્ર, આવકનો દાખલો, સિનિયર સિટીઝન પ્રમાણપત્ર, નિરાધાર વૃદ્ધ સહાય, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ઈન્દીરાગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, રાશનકાર્ડમાં નામ દાખલ/નામ કમી/સુધારો/વધારો, પીંક કાર્ડ, ગ્રે-કાર્ડ, હક્કપત્રક વારસાઈ નોંધ અરજીસ્વીકારવી તેમજ પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ, હેલ્થ વેલનેશ કાર્ડ, ડાયબીટીશ/ બી.પી.ચકાસણી, જન્મ-મરણ/ લગ્ન નોંધણી પ્રમાણપત્ર, કસ્તુરબા પોષણ સહાય યોજના, આધારકાર્ડ, જાતિ અંગેના દાખલા, વિકલાંગએસ.ટી.પાસ, બેંક ખાતા અંગેતેમજ જુદા જુદા ખાતા/કચેરીઓની નિયત થયેલ સેવાઓ પુરી પાડવામાં આવશે. જેથી જૂનાગઢ શહેરી વિસ્તારના લોકોએ જરૂરી આધાર પુરાવાઓ સાથે સમર્પણ સેતુ કેમ્પના સ્થળ પર સમયસર ઉપસ્થિત રહી જરૂરિ લાભર્થીઓએ લાભ લેવા જૂનાગઢ મામલતદાર (શહેર)ની એક યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢમાં પાસ કે ટિકીટ દ્વારા નવરાત્રી મહોત્સવનું આયોજન કરનારાઓએ પરફોર્મન્સ લાયસન્સ મેળવવું ફરજીયાત

## નિયત નમુનાની આધાર પુરાવા સાથેની અરજી તા.૩૦/૯/૨૦૨૩ સુધીમાં રજૂ કરવાની રહેશે

જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢમાં પાસ કે ટિકીટ દ્વારા નવરાત્રી મહોત્સવનું આયોજન કરનારાઓએ સબંધીત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરીમાંથી પરફોર્મન્સ લાયસન્સ મેળવવાનું રહેશે. મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની જોગવાઈ હેઠળ જાહેર મનોરંજન કાર્યક્રમ યોજવા માટે પરફોર્મન્સ લાયસન્સ મેળવવાનું રહેશે. જે મુજબ આગામી નવરાત્રી તહેવારોમાં જાહેર સ્થળોએ પાસ કે ટિકીટ દ્વારા નવરાત્રી મહોત્સવ યોજવાનું આયોજન કરનારાઓએ આવા કાર્યક્રમ યોજવા પરફોર્મન્સ લાયસન્સ મેળવવાનું રહે છે. આ માટે જૂનાગઢ શહેરમાં કાર્યક્રમ યોજવા માંગનારે આ કચેરીને તથા બાકીના શહેરો માટે સબંધિત સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટોને આ માટેની નિયત નમુનાની આધાર પુરાવા સાથેની અરજી તા.૩૦/૯/૨૦૨૩ સુધીમાં રજૂ કરવા જણાવાયું છે. પરફોર્મન્સ લાયસન્સ મેળવ્યા વગર આ પ્રકારના કાર્યક્રમ યોજનારા સામે કાયદેસરના પગલા લેવામાં આવશે. જેની સબંધકર્તાઓએ નોંધ લેવી તેમ જૂનાગઢ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પી.જી.પટેલની યાદીમાં જણાવાયું છે.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરાની વિદ્યાર્થીનીઓએ રેન્જ કક્ષાની બેન્ડ સ્પર્ધામાં પ્રથમ





જૂનાગઢ, તા.૧૬

સરકારના પોલીસ વિભાગ દ્વારા દર વર્ષે સ્કુલ બેન્ડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી અંતર્ગત સરકાર દ્વારા દર વર્ષે યોજાતા કાર્યક્રમમાં રેન્જ કક્ષાએ ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત કરનાર શાળાની વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકે છે. આ વર્ષે પણ પોલીસ વિભાગ દ્વારા તા.૧૫-૯-૨૦૨૩ને શુક્રવારના રોજ રેન્જ કક્ષાની સ્કુલ બેન્ડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ, જેમાં શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ-જૂનાગઢ સંચાલિત માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે વિદ્યાર્થીનીઓએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને પોતાની વિશિષ્ટ કલા-કૌશલ્યનો પરિચય કરાવ્યો છે. આ શાળાના સુપરવાયઝર એમ.ડી. ઠૂંમર અને શિક્ષક એમ.એચ. સંઘાણીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ રેન્જ કક્ષાની બેન્ડ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ હોય, આગામી તા.૩૧મી ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા ખાતે યોજાનાર રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં સહભાગી બનશે, જે સમગ્ર શિક્ષણ જગત માટે ગૌરવની બાબત કહી શકાય. શાળાની વિદ્યાર્થિનીઓની આવી ઝળહળતી સિદ્ધિ બદલ સંસ્થાના ચેરમેન મેનેજિંગ ટ્રસ્ટી જે.કે. ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલિનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેક્ટર સી.પી. રાણપરિયા, શિક્ષણ નિયામક એચ.પી. પોલરા, વહીવટી અધિકારી કે.પી. ગજેરા, પ્રિન્સિપાલ સુશ્રી જયશ્રીબેન રંગોલિયા સહિત સમગ્ર સંસ્થા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

## ઉનામાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

(પ્રતિનિધિ દ્વારા) ઉના, તા.૧૬

ઉના શહેરમાં તુલસી ધામ સોસાયટીમાં શેરી નંબર-૨માં ભીખુભાઈ ધરમશીભાઈ બુધ્ધદેવના મકાનની બાજુમાં જાહેરમાં હાર જીતનો જુગાર રમાતો હોવાની બાતમી મળતા ઉના પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સી.બી.જાડેજા, એ.એસ.આઈ. પ્રદીપસિંહ એચ. રાયજાદા, પો.કો. કૌશિકભાઈ અરશીભાઈ વાળા અને સ્ટાફે સ્થળ ઉપર પહોંચી જુગાર રમતા ભીખુભાઈ ધરમશીભાઈ બુધ્ધદેવ, સંજય રતનસિંહ શિંગડ, ભૂપેન્દ્ર દુદા કવાડ, ધીરૂ બચુ ડાભી, યોગેશ હમીર કોટડીયા રે. તમામ ઉના વાળાને રોકડા રૂપિયા ૨૭૬૪૦ અને જુગારનું સાહિત્ય સાથે પકડી ઉના પોલીસ સ્ટેશને લાવી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# જૂનાગઢ પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં અગ્નિવીર યોજનાની તાલીમ લઇ રહેલા તાલીમાર્થીઓને એસ.પી. હર્ષદ મહેતાના હસ્તે શુઝ વિતરણ કરાયું

## અગ્નિપથ યોજનાની લેખિત કસોટીમાં યુવાનો ઉત્તીર્ણ થાય તે માટે મોક ટેસ્ટ લેવાઈ





જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢ જિલ્લાના ખમીરવંતા યુવાનો અગ્નિપથ યોજના અંતર્ગત અગ્નિવીર તરીકે સંરક્ષણક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દીનું ઘડતર કરી શકે તેવા હેતુસર સરકાર દ્વારા સંરક્ષણ ભરતી પૂર્વે નિવાસી તાલીમ વર્ગ યોજના અમલીકૃત છે. સપ્ટેમ્બર-૨૦૨૩માં ભુજ ખાતે અગ્નિપથ યોજના અંતર્ગત લેખિત કસોટી ઉત્તીર્ણ થયેલ યુવાનો માટે શારીરિક ક્ષમતા કસોટી યોજાનાર છે. જેમાં જૂનાગઢ જિલ્લાના યુવાનો શ્રેષ્ઠ દેખાવ કરી શકે અને પસંદગીના તમામ તબક્કાઓ ઉત્તીર્ણ કરી રાષ્ટ્ર સેવામાં જોડાય શકે તેવા હેતુસર નિવાસી તાલીમ વર્ગનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને જિલ્લા પોલીસ તંત્ર જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે જિલ્લા પોલીસ પરેડ ગ્રાઉન્ડચ, જયશ્રી રોડ, જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું છે.

તાલીમવર્ગના ૬૦ તાલીમાર્થીઓને પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા અને જિલ્લા રોજગાર અધિકારી પ્રશાંત ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ નવતર અભિગમ અને અદ્યતન સાધન સામગ્રી વડે તાલીમ આપવામાં આવી રહી છે. જેમાં લોકભાગીદારી થકી જૂનાગઢ જિલ્લાના અગ્રગણ્ય ઉદ્યોગ શ્રેષ્ઠીઓ કેસ્ટર ગીરનાર ઈન્ડ.સ્ટ્રીઝ પ્રા.લી. તેમજ વર્ષા ઈન્ડયસ્ટ્રીઝ પ્રા.લી.જૂનાગઢ દ્વારા શારીરિક તાલીમને અનુરૂપ અદ્યતન બ્રાન્ડ શુઝનું વિતરણ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા અને જિલ્લા રોજગાર અધિકારી પ્રશાંત ત્રિવેદીના હસ્તે કરવામાં આવ્યું છે તેમજ તાલીમાર્થીઓને સઘન અને અસરકારક તાલીમ મળી રહે તેવા હેતુસર મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવે છે. જેમાં થલ સેના ભરતી રેલીમાં સમાવિષ્ટ તમામ તબક્કાઓની પરીક્ષા લેવામાં આવી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં નાયબ પોલીસ અધિક્ષક પટણી, જિલ્લા રમત ગમત અધિકારી દિહોરા, સીનીયર કોચ ગૌરાંગભાઈ તેમજ પોલીસ અને રોજગાર કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહી અસરકારક કામગીરી કરી હતી.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા 'આયુષ્માન ભવઃ' અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાશે

## આવતીકાલ તા.૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર ૨૦૨૩ સુધીમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

જૂનાગઢ, તા.૧૬

'આયુષ્માન ભવઃ' અભિયાન અંતર્ગત આવતીકાલ તા.૧૭મી સપ્ટેમ્બરથી આયુષ્માન ભવ અભિયાન થકી ગામે ગામ અને શહેર/વોર્ડ વિસ્તારમાં આયુષ્માન કાર્ડના કેમ્પ સહિતના કાર્યક્રમ યોજાશે. આરોગ્યઅને પરિવાર કલ્યાણ મંત્રાલય ભારત સરકારની આરોગ્યની વિવિધ યોજનાઓના લાભો સમગ્ર દેશવાસીઓને મળી રહે તે માટે ગાંધીનગર ખાતેથી વર્ચ્યુઅલ રીતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે આયુષ્માન ભવઃ અભિયાન અને આયુષ્માન ભવઃ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું. આવતીકાલ તા.૧૭ સપ્ટેમ્બર વડાપ્રધાનના જન્મ દિવસથી તા.૨ ઓક્ટોબર દરમ્યાન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મ દિવસ સુધી વહીવટી તંત્ર દ્વારા આયુષ્માન ભવઃ કાર્યક્રમ હેઠળ લાભાર્થીઓ સુધી તમામ આરોગ્ય યોજનાથી અવગત કરવા તેમજ યોજનાઓનો ૧૦૦% લાભ પહોંચાડવા માટે આયુષ્માન ભવઃ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત આવતીકાલ તા.૧૭/૯/૨૦૨૩ થી તા.૨/૧૦/૨૦૨૩ સુધી સેવા પખવાડિયા દરમ્યાન આયુષ્માન ભવ અભિયાન, અંતર્ગત દર શનિવારે તમામ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે સાપ્તાહિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયુષ્માન મેળા, સ્વચ્છતા અભિયાન, આયુષ્યમાન કાર્ડ, **ABHA**, હેલ્થ ચેકઅપ કેમ્પ અને દર ગુરૂવારે તમામ શહેરી વોર્ડ કચેરી ખાતે આયુષ્માન કાર્ડ અને આભા કાર્ડ, હેલ્થ ચેકઅપ કેમ્પ યોજવામાં આવશે. જયારે તા.૨ ઓક્ટોબરના રોજ તમામ શહેરી વોર્ડમાં આરોગ્યની સાર સંભાળ વિશે જાગૃતિ વધારવા આયુષ્માન સભાઓ યોજાશે.

# ભેંસાણનાં રાણપુર સોરઠ ગામે ત્રણ ધાબા સદંતર તૂટી જતા અકસ્માતનો ભય

## આર એન્ડ બી (પંચાયત)ના નાયબ ઈજનેરને અનેક વખત કરેલી રજૂઆત બહેરા કાને અથડાય પાછી ફરે છે





(રેનિશ મહેતા દ્વારા)

ભેંસાણ તા.૧૬

ભેંસાણ તાલુકાના રાણપુર (સોરઠ) ગામે ખંભાળિયા તરફ જતા રસ્તા વચ્ચે આવતી ત્રણ બેઠી ધાબી સદંતર બિસ્માત બની ગયેલ છે. મોટા મોટા ખાડા પડી જવાથી અંધારામાં મોટી દુર્ઘટના સર્જાય તેવી દહેશત નક્કી છે. આમ છતાં આર એન્ડ બી (પંચાયત) વિભાગના અધિકારીઓના પેટનું પાણી હાલતું નથી. રાણપુર (સોરઠ) ગ્રામ પંચાયતના સરપંચ સુરેશભાઈ સાવલિયાએ ઉચ્ચકક્ષાએ કરેલ રજૂઆતમાં જણાવ્યા મુજબ ભારે વરસાદને લીધે રાણપુરથી ખંભાળિયા તરફ જતા રસ્તે આવતી ત્રણ બેઠા ધાબા તૂટી ગયેલ છે, જેને લીધે ત્યાંથી પસાર થતા વાહનચાલકો અને વટે માર્ગોને ભારે તકલીફ થાય છે. આ રસ્તે પસાર થતા ખેડૂતોને ટ્રેક્ટર અને ગાડા ચલાવવામાં મુશ્કેલી પડી રહી છે. આ ધાબાઓ તાત્કાલિક નવા બનાવવા માટે જૂનાગઢ જિલ્લા પંચાયતના આર.એન્ડ બી વિભાગના નાયબ ઈજનેરને અનેક વખત રજૂઆત કરી છે. આમ છતાં આ રજૂઆતની તેમણે ગંભીરતા લીધી નથી જેને લીધે અકસ્માત થવાનો ભય છે. જો કોઈ વાહન ચાલકનું કે ખેડૂતનું આ અકસ્માતમાં મૃત્યુ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી આર એન્ડ બીના અધિકારીઓની રહેશે.

### સરપંચે પોતાના ખર્ચે ધાબાની કામ ચલાવ મરામત કરાવી

અપના હાથ જગન્નાથની ઉક્તિને રાણપુર (સોરઠ) ગામના સરપંચે સાર્થક કરી બતાવી છે. ગામની ત્રણેય ધાબાઓ મરામત કરાવવા તંત્રને કરેલ રજૂઆત બાદ પરિણામ નહીં મળતા ગામના સરપંચ સુરેશભાઈ સાવલિયાએ ખુદ પોતાના ખર્ચે માટી કામ કરીને ધાબાની મરામત કરતા લોકોને હાલ પુરતી રાહત મળી છે. સરપંચ ખુદ પાવડો લઈને માટીકામ કરી રહ્યા હતા. આમ જાત મહેનત જિંદાબાદનું ઉત્તમ દ્રષ્ટાંત જોવા મળ્યું હતું.

# દેવભૂમિ દ્વારકાના પીંડારા ગામે મલકુસ્તી મેળામાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૧૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા નજીક પિંડારા ગામમાં આજે વર્ષોથી પરંપરાગત રીતે યોજાતો મલ કુસ્તી મેળો અનેરા ઉત્સાહ વચ્ચે યોજાયો હતો. પીંડારા ગામમાં મેળામાં આ વખતે ગુજરાત સરકારના સાંસ્કૃતિક અને રમતગમત વિભાગ દ્વારા સ્થાનિક વહીવટી તંત્રના સંકલનમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ નૃત્ય રાસ સહિતની કૃતિઓ પણ રજૂ કરવામાં આવી હતી. આ સ્થળે દરિયાના કાંઠે રેતીનું મેદાન છે ત્યાં વર્ષોથી આસપાસના ગામ અને તાલુકાના યુવાનો શ્રાવણી અમાસના દિવસે કુસ્તી રમવા માટે મેળા રૂપે એકઠા થાય છે.શ્રાવણી અમાસ નિમિત્તે પીંડારામાં દેશી મલકુસ્તી મેળો એક દિવસનો યોજાયો હતો તમે દેવભૂમિ દ્વારકા જિલ્લાના પોલિશ વડા નિતેશ પાંડે ઉપસ્થિત રહ્યાં હતા અને સપર્ધકોને પ્રમાણપત્ર, શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા ગુજરાત સરકારશ્રીના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર પ્રેરીત અને કમિશ્નર, યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી-દેવભુમિ દ્વારકા દ્વારા સંચાલિત દેવભુમિ દ્વારકા દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા જેમાં યુ.વી.મ્યુઝીકલ ગૃપ-જામનગર દ્વારા લોકગીત, રાજપુત રાસ મંડળ-જામનગર દ્વારા હુડો રાસ, શ્રી રાજશકિત રાસ મંડળ-જામનગર દ્વારા ઢાલ તલવાર રાસ, આદિવાસી યહા મોગી નવયુવક લોકકલા ટ્રસ્ટ દ્વારા આદિવાસી નૃત્ય, ચામુંડા રાસ મંડળ-પોરબંદર અને લોકગાયક ભાવેશ આહીર દ્વારા લોકગીતની રમઝટ બોલાવવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે, પ્રથમ વખત ગુજરાત સરકારના પ્રવાસનમંત્રી શ્રી મુળુભાઈ બેરાની પ્રેરણાથી અને સાંસદ પૂનમબેન માડમના પ્રયાસોથી સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ જિલ્લા વહીવટી તંત્ર અને રમત-ગમત વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી. ધાનાણી, જિલ્લા પંચાયતના સભ્ય જગાભાઈ ચાવડા, કલ્યાણપુર તાલુકા પંચાયત પ્રમુખ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને માણવા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.






સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# જમ્મુ-કાશ્મીરમાં ચાર હજારથી વધારે આતંકવાદીઓની સંપત્તિ જપ્ત કરવાનો નિર્ણય એ યોગ્ય કાર્યવાહી

જમ્મુ-કાશ્મીરમાં ચાર હજારથી વધારે આતંકવાદીઓની સંપત્તિ જપ્ત કરવાનો નિર્ણય આતંકી તંત્રને નષ્ટ કરવાની દિશામાં એક મોટી અને પ્રભાવી કાર્યવાહી છે. જે આતંકીઓની સંપત્તિ જપ્ત કરવાની છે, તેની યાદી તૈયાર થઈ ગઈ છે. તેમાંથી મોટાભાગના એ આતંકીઓ છે, જે સીમા પાર એટલે કે પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરમાં સંચાલિત આતંકી શિબિરોમાં રહે છે. કાશ્મીરમાં વધ્યા-ઘટ્યા આતંકી નેટવર્કને ધ્વસ્ત કરવા માટે આ પ્રકારની કાર્યવાહી જરૂરી છે. આ જ પ્રકારની કાર્યવાહી એ તત્ત્વો વિરુદ્ધ પણ કરવી જોઈએ, જે પરોક્ષ કે પ્રત્યક્ષ રૂપે આતંકીઓની તરફદારી કરે છે કે પછી તેમને ગુપચુપ રૂપે સમર્થન અથવા સંરક્ષણ આપે છે. તેની અવગણના ન કરી શકાય કે કાશ્મીર ઘાટીમાં આતંકીઓના સમર્થક હજુ પણ મોજૂદ છે. તેમાંથી કેટલાક તો સરકારી વિભાગોમાં પણ કાર્યરત હતા. એ સારું થયું કે તેમની ઓળખ કરીને તેમના વિરુદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવી, કારણ કે તેઓ આતંકીઓ માટે જાસૂસી કરતા હતા. ધ્યાન રહે કે કેટલાય કાશ્મીરી હિંદુઓ આતંકવાદીઓનો નિશાનો એટલા માટે બન્યા, કારણ કે તેમના વિશે આવા લોકોએ જ બાતમી આપી હતી. આ જ રીતે આતંકીઓને આર્થિક સહાયતા આપનારા લોકો પર પણ સકંજો કસવામાં આવ્યો છે. તેમાં કેટલાય મોટા વેપારીઓ પણ હતા.

એક એવા સમયે જ્યારે કાશ્મીરનું વાતાવરણ ઝડપથી બદલાઈ રહ્યું છે અને અહીં શાંતિ અને સ્થિરતા સ્થાપિત થઈ રહી છે, તો પછી એ જરૂરી છે કે આતંકીઓ સાથે સહાનુભૂતિ રાખવા કે પછી છૂપી રીતે તેમની મદદ કરનારાઓ વિરુદ્ધ દાખલો બેસે તેવી કઠોર કાર્યવાહી કરવામાં આવે. આ એટલે જરૂરી છે, કારણ કે કાશ્મીરમાં આતંકીઓની સક્રિયતા પાછળ એવાં જ તત્ત્વો છે. આ સક્રિયતાનું એક પ્રમાણ હાલમાં જ બે દિવસ પર મળ્યું, જ્યારે શ્રીનગર-બારામુલા રાષ્ટ્રીય રાજમાર્ગ પર એક બારુદી સુરંગને નિષ્ક્રિય કરવામાં આવી. કાશ્મીરમાં કેટલાક એવાં પણ તત્ત્વો છે જે યુવાનોને આતંકના રસ્તે જવા માટે ઉશ્કેરે છે અથવા અલગતાવાદને હવા આપે છે. થોડા દિવસ પહેલાં જ બારામુલામાં સુરક્ષા દળોએ લશ્કરના એક આતંકી ભરતી મોડ્યૂલનો પર્દાફાશ કરીને ચાર લોકોની ધરપકડ કરી. તેમાં એક મહિલા પણ હતી. તેઓ પાકિસ્તાન આધારિત આતંકી સંગઠન લશ્કર માટે કામ કરી રહ્યા હતા. પાકિસ્તાન ભલે ભીખ માગતું હોય, પરંતુ તે કાશ્મીરમાં આતંકને હવા આપવાનું બંધ નથી કરતું. તે આતંકીઓની ઘૂસણખોરી કરાવવાની કોશિશ કરતું રહે છે, સાથે જ કાશ્મીરમાં સક્રિય આતંકીઓ માટે ડ્રોન દ્વારા હથિયાર પણ મોકલે છે. પાકિસ્તાન આતંકને ઉત્તેજન આપવાને કારણે એકલું પડી ગયું છે, પરંતુ તેમ છતાં તે પોતાનાં કરતૂતો છોડતું નથી. તેની આ હરકતોથી તેની સાથે હમદર્દી રાખનારા ઈસ્લામી દેશો પણ કંટાળી ગયા છે. આ જ કારણે ભારતની રાજકીય યાત્રા પર આવેલા સઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મોહંમદ બિન સલમાને પાકિસ્તાન તરફ સંકેત કરતાં કહ્યું કે તેણે આતંકનો રસ્તો છોડવો જ પડશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કષ્ટને સહન કરવાથી જ અનુભવની પ્રાપ્તિ થાય છે.
- ગાંધીજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા સુદ-૧ મૌનવ્રતારંભ, સામ શ્રાવણી, ચંદ્રદર્શન તા.૧૬ સપ્ટેમ્બર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૨, મુસ્લિમ તા.૩૦, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, શુક્લ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૩૮, સૂ.અ.૬:૫૩

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ચિંતાનો ઉકેલ મળે. કાર્યમાં સફળતા મળે.
વૃષભ:મનની ઈચ્છા ફળે. મહત્વના કાર્યમાં પ્રગતિ થાય.
મિથુન:વાહનથી સંભાળવું હિતાવહ. નવિન આર્થિક લાભ મળે.
કર્ક: પ્રિયજનથી વિરહ રહે. ધંધાના કાર્યોમાં સફળતા મળે.
સિંહ: વ્યર્થ માનસિક ચિંતા સતાવે. ઉચ્ચાટ ભર્યો દિવસ વ્યતિત થાય.
કન્યા: કૌટુંબિક કાર્યોમાં સફળતા મળે. યશ, માન, કીર્તિ મળે.
તુલા: માંગલિક કાર્યોમાં ધન વ્યય થાય. મહત્વના પ્રશ્નોનો નિકાલ થાય.
વૃશ્ચિક :રોકાયેલા નાણાં છૂટા થાય. મકાન-જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે.
ધન: જીવનસાથીના સહકારથી કાર્યમાં સફળતા મળે. નવિન તક સાંપડે.
મકર: સામા પ્રવાહમાં ચાલતા હોઈએ તેવું લાગે, વ્યર્થ ભાગ-દોડ કરવી પડે.
કુંભ: ધન હાનિના યોગ હોઈ સંભાળવું. પ્રવાસમાં નિષ્ફળતા મળે.
મીન: ગૃહજીવનમાં ચકમક ઝરે. નવા લાભની આશા ફળે.

# સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત રાજ્યમાં તા. ૧૫ સપ્ટેમ્બરથી ૧૫ ઓક્ટોબર-૨૦૨૩ સુધી 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ ઉજવાશે




ગાંધીનગર તા.૧૬

મહાત્મા ગાંધી જન્મજયંતિ નિમિત્તે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત રાજ્યમાં તા. ૧૫ સપ્ટેમ્બરથી ૧૫ ઓક્ટોબર-૨૦૨૩ દરમિયાન 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ યોજાશે. આ વર્ષે 'ગાર્બેજ ફ્રી ઈન્ડિયા' થીમ ઉપર સ્વચ્છતા હી સેવા કાર્યક્રમની ઉજવણી કરાશે. અભિયાનમાં જનભાગીદારી સુનિશ્ચિત કરવા માટે ધાર્મિક સંસ્થાઓ, વેપારી સંગઠનો તેમજ સેવાભાવી સંસ્થાઓને પણ 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમમાં જોડવાનું આયોજન કરાયું છે.

અગાઉના વર્ષોની જેમ આ વર્ષે સ્વચ્છતાની પ્રવૃત્તિઓનો હેતુ સ્વૈછિક શ્રમદાન છે. જેમાં રાજ્યના તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારો જેવા કે બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, દરિયાકિનારાના પર્યટન સ્થળો, પ્રાણી સંગ્રહાલયો, રાષ્ટ્રીય ઉદ્યાનો, અભયારણ્યો, ઐતિહાસિક સ્મારકો, નદીકિનારા તથા તેમના ઘાટ અને નાળાઓ જેવા જાહેર સ્થળો પર સ્વચ્છતા પ્રવૃત્તિઓ કરાશે. સફાઈમિત્ર સુરક્ષા શિબિર અંતર્ગત તા. ૧૭મી સપ્ટેમ્બર ૨૦૨૩થી તમામ સફાઈ કર્મચારીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાશે તેમજ સફાઈકર્મીઓને પીપીઈ કીટ અને સુરક્ષા સાધનો અપાશે. ઉપરાંત સફાઈકર્મીઓને કેન્?દ્ર તેમજ રાજ્ય સરકારની વિવિધ જનહિતલક્ષી યોજનાઓની માહિતી અપાશે.

ભારત સ્વચ્છતા લીગ અંતર્ગત રાજ્યના તમામ શહેરી મહત્વના સ્થળો જેવા કૌંર્ઝ્ફ્રૈંઝ઼ ઐતિહાસિક સ્મારકો, હેરિટેજ સ્થળો, જાહેર સ્થળો અને પ્રવાસ સ્થળોએ સ્વચ્છતા પ્રવૃત્તિઓનું દેખીતી રીતે **(Visible Cleanliness)** થાય તેવું આયોજન કરાશે. રાષ્ટ્રીય કક્ષાએ સફાઈ સ્પર્ધાનું પણ આયોજન કરાશે.

આ ઉજવણી દરમિયાન તમામ ગામડાઓમાં જાહેર સ્થળો, પ્રવાસન સ્થળો વગેરે પર સ્વચ્છ ભારત મિશન(ગ્રા) અંતર્ગત ભીંતચિત્રો દોરાવવા તેમજ તમામ શાળા, કૉલેજોમાં 'ગાર્બેજ ફ્રી ઈન્ડિયા' વિષય પર નિબંધ, ચિત્રકામ અને વક્તૃત્વ સ્પર્ધાઓ યોજાશે.

તમામ ગામોમાં બ્લેક સ્પોટની સફાઈ, ચાલુ વર્ષના ૨ૅઁહૅંમાં સ્વચ્છતા સંબંધિત અસ્કયામતો જેમ કે શોક પીટ, કંપોસ્ટ પીટ, સેગ્રીગેશન શેડ, ફ્રીઉછ્જી વગેરેની જાળવણી અને મરામત કરાશે. વ્યક્તિગત સોકપીટ અને કંપોસ્ટ પીટ બનાવવા, સૂકા ભીના કચરા અને ઘન પ્રવાહી કચરા વ્યવસ્થાપન, તમામ અમૃત સરોવરો અને ગામ તળાવોએ વૃક્ષારોપણ કરવું અને ગામોમાં નાગરીકો સ્વચ્છતા સંકલ્પ લે, સ્વચ્છતા દોડ અને સ્વચ્છતા રેલીમાં સહભાગી થાય તેવું આયોજન કરાયું છે. ગામડાઓમાં શૌચાલયના વપરાશને લગતી પ્રચાર-પ્રસારની કામગીરી પણ કરાશે.

ગ્રામસભા યોજી ગામોને **ODF Plus Model** જાહેર કરવા/**FSM**/સિંગલ યુઝ પ્લાસ્ટિકનાં પ્રતિબંધ માટે ઠરાવો કરવા તથા પ્રવાસન સ્થળોએ સિંગલ યુઝ પ્લાસ્ટિકનાં પ્રતિબંધ માટે હાથ ધરાયેલ "હરા ગીલા સુખા નીલા" ઝુંબેશ અંતર્ગત ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગ્રામજનો/સફાઈ મિત્રોને પ્રોત્સાહિત કરાશે. તા. ૧૭મી સપ્ટેમ્બર,૨૦૨૩થી તમામ સફાઈ કર્મચારીઓ માટે સુરક્ષા શિબિર પર હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાશે. ગામોમાં જાહેર સ્થળોએ દીવા પ્રગટાવાશે તેમજ રાત્રિ ગરબાનું આયોજન પણ કરાશે.

ક્લસ્ટર કો-ઓર્ડીનેટર મારફત ૫૦% ગામોનું સંપૂર્ણ અને સચોટ એસેસમેન્ટ એપ્લીકેશન દ્વારા કરાશે. જિલ્લા કક્ષાએથી શ્રેષ્ઠ તાલુકા તેમજ જિલ્લા દીઠ શ્રેષ્ઠ ૩ ગ્રામ પંચાયતો અને રાજ્ય કક્ષાએથી ૩ જિલ્લાઓનું સફાઈની ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માન કરાશે.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત અત્યાર સુધી રાજ્યમાં કુલ ૧૮,૨૮૨ ગામોને ઓ.ડી.એફ.પ્લસ જાહેર કરાયા છે. રાજ્યના ૧૩,૪૬૦ ગામોને ઘન કચરા વ્યવસ્થાપન અંતર્ગત આવરી લેવાયા છે. ૧૩,૩૨૫ ગામોમાં ઘરે ઘરેથી કચરાનું એકત્રીકરણ કરવામાં આવે છે. રાજ્યમાં ૬,૦૮૭ જેટલા બાંધકામ કરેલ સેગ્રિગેશન શેડ અને ૨૪,૩૯૧ જેટલા બાંધકામ કરેલા કમ્પોસ્ટ પીટ થકી ઘન કચરાનું વ્યવસ્થાપન કરવામાં આવ્યું છે.

રાજ્યમાં ૧૪,૧૯૩ ગામોને પ્રવાહી કચરા વ્યવસ્થાપન અંતર્ગત આવરી લેવાયા છે. ૫૧,૧૮૨ સામૂહિક સોક પીટ અને ૭૨ ગ્રે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ થકી પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન કરવામાં આવ્યું છે. ઉપરાંત ૭,૧૮૦ જેટલા બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા છે. જેમાં ગોબરધનનો ઉપયોગ કરવામાં આવે છે.

આ રાજ્યવ્યાપી અભિયાનમાં પંચાયત વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, રમતગમત અને યુવક સેવા વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, પ્રવાસન વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, માર્ગ-મકાન વિભાગ તથા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ સ્વચ્છતા હી સેવા અભિયાનમાં જોડાશે.

# ગુજરાતમાં છેલ્લા ૪ વર્ષોમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની સંખ્યામાં ૨૪૨૫% નો ઉછાળો




ગાંધીનગર તા.૧૬

ખોરાકની ઉપલબ્ધતા, સુલભતા અને વપરાશ એ દેશના સામાજિક-આર્થિક વિકાસના ત્રણ મહત્વના આધારસ્તંભ છે. ભોજન માટેના પ્રાકૃતિક સ્ત્રોત પહેલેથી જ સંતૃપ્તિ સુધી પહોંચ્યા છે અને સતત વધી રહેલી વસ્તીને કારણે આ સ્ત્રોતો પર બોજો પડી જ રહ્યો છે. પરિણામે વધતી જતી ખાદ્ય માંગને પહોંચી વળવા માટે વૈકલ્પિક માધ્યમો શોધવા એ ખૂબ જ અનિવાર્ય બની ગયું છે. વધતી જતી ખાદ્ય માંગને પૂરી કરવા માટે સૌથી વધુ કાર્યક્ષમ અને ટકાઉ રીતો પૈકી એક છે પ્રાકૃતિક ખેતી. પ્રાકૃતિક ખેતી એ રાસાયણિકમુક્ત પરંપરાગત ખેતપદ્ધતિ છે, જે જમીનના સ્વાસ્થ્યને ટકાવી રાખે છે, ખોરાકમાં પોષક તત્વો જાળવી રાખે છે અને પર્યાવરણમાં સંતુલન જાળવી રાખે છે.

પ્રાકૃતિક ખેતીના મહત્વ વિશે વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, "આજે પ્રાકૃતિક ખેતી એ આત્મનિર્ભરતાનો માર્ગ છે. પ્રાકૃતિક ખેતી જે એક રસાયણમુક્ત ખેતી છે, તે આપણા દેશની શક્તિમાં વધારો કરી શકે છે." પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવાના વડાપ્રધાનના વિઝનને સાકાર કરવા માટે ગુજરાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટેના સમર્પિત પ્રયાસો કર્યા છે.

રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીના સહિયારા પ્રયાસોના પરિણામે રાજ્યમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની ટકાવારી છેલ્લા ૪ વર્ષોમાં ૨૪૨૫%થી વધુ વધી છે, એટલે કે વર્ષ ૨૦૧૯માં ૩૫,૦૦૦ ખેડૂતોથી વધીને ઓગસ્ટ ૨૦૨૩ સુધીમાં રાજ્યમાં ૮,૭૧,૩૧૬ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના રહેવાસી ખેડૂત રઘુનાથભાઈ જનુભાઈ ભોયાએ સરકાર દ્વારા આયોજિત પ્રાકૃતિક ખેતી સંબંધિત તાલીમ લીધી હતી. તેઓએ સરકારની દેશી ગાયની જાળવણી માટે નિભાવખર્ચ યોજના હેઠળ પોતાની ગાય માટે વાર્ષિક રૂા.૧૦,૮૦૦ ની સહાય પણ મેળવી. તેઓ જણાવે છે કે, "પ્રાકૃતિક ખેતીની તાલીમ લીધા પછી મેં ઘન-જીવામૃત બનાવવા માટે ગાયના છાણનો પાવડર, ગૌમૂત્ર અને અન્ય જૈવિક ઘટકોનો ઉપયોગ કર્યો. હું આ કુદરતી રીતે બનાવેલ ખાતરનો સંગ્રહ કરું છું અને મારા પાક માટે આખા વર્ષ દરમિયાન તેનો ઉપયોગ કરું છું. તેનાથી મારા ખેતરની માટી અને શાકભાજીની ગુણવત્તા જાળવવામાં મદદ મળી છે અને હું વધુ સારી કમાણી કરવા માટે સક્ષમ બન્યો છું."

ઉલ્લેખનીય છે કે રઘુનાથભાઈને રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦માં અને અન્ય એક પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત જતીનભાઈ જયંતિલાલ કોળીને વર્ષ ૨૦૨૦-૨૧માં શ્રેષ્ઠ **ATMA** એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેઓને જિલ્લા કક્ષાએ રૂા.૨૫,૦૦૦ નો ચેક પણ એનાયત કરવામાં આવ્યો છે.

સમગ્ર ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારે છ્સ્છ (એગ્રીકલ્ચર ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી) હેઠળ વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે, જેમાંની કેટલીક નીચે મુજબ છે:

૧) વર્ષ ૨૦૨૦-૨૧માં શરૂ કરવામાં આવેલી દેશી ગાયની જાળવણી માટે નિભાવખર્ચ યોજના હેઠળ રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષોમાં પ્રાકૃતિક ખેતી કરતા ૧.૮૪ લાખ ખેડૂતોને ?૪૨૦ કરોડની સહાય પૂરી પાડી છે. આ વર્ષે, રાજ્ય સરકારે આ યોજના માટે રૂા.૨૦૩ કરોડ ફાળવ્યા છે.

૨) રાજ્યના ખેડૂતોને સશક્ત બનાવવા અને તેમને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવા માટે ગુજરાત સરકારનો કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓનો વિભાગ સક્રિયપણે વિવિધ તાલીમ કાર્યક્રમો આયોજિત કરે છે. આવી જ એક નોંધપાત્ર પહેલ છે, ક્લસ્ટર બેઝ્ડ એપ્રોચ (જૂથ આધારિત અભિગમ), જેમાં ખેડૂતોને તાલીમ આપવા માટે ૧૦ ગ્રામ પંચાયતો ધરાવતું એક જૂથ એવા ૧૪૬૬ જૂથ બનાવવામાં આવ્યા છે. દરેક જૂથની અંદર, બે નિષ્ણાંતો, એક ટેક્નિકલ માસ્ટર ટ્રેનર અને એક ફાર્મર માસ્ટર ટ્રેનર ખેડૂતોને જ્ઞાન અને કૌશલ્ય પ્રદાન કરે છે. ઓગસ્ટ ૨૦૨૩ સુધીમાં ૫૧,૫૪૮ તાલીમ સત્રો દ્વારા ૧૩,૩૭,૪૦૧ ખેડૂતોએ આ કાર્યક્રમનો લાભ લીધો છે. વધુમાં, સરકારે ખેડૂતોની તાલીમને સહયોગ આપવા માટે અન્ય વિવિધ પહેલો અમલી બનાવી છે, જેમાં છ્સ્છ યોજના અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તાલીમ જેવી પહેલોનો સમાવેશ થાય છે. આ પહેલો રાજ્યભરના ખેડૂતોના કૌશલ્ય વિકાસમાં યોગદાન આપે છે. આ સંયુક્ત પ્રયાસો દ્વારા, ગુજરાતમાં ૨૭ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીની વ્યાપક તાલીમ મેળવી છે, જે તેમને ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ કૃષિ પદ્ધતિઓ અપનાવવા માટે સશક્ત બનાવે છે.

૩) ગુજરાત પ્રાકૃતિક કૃષિ બોર્ડ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પ્રવૃત્તિઓ કરે છે જેમ કે તાલીમ, એક્સપોઝર વિઝિટ, કોક્લેવ, વર્કશોપ, મેગા સેમિનાર, કૃષિ મેળા, મોડેલ ફાર્મ વગેરે. રાજ્ય સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આવી પ્રવૃત્તિઓ માટે રૂા.૫૯ કરોડની ફાળવણી કરી છે.

૪) રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ખરીફ અને રવિ સિઝન દરમિયાન હેક્ટર દીઠ રૂા.૫૦૦૦ની સહાય પણ આપે છે. છેલ્લા ૨ વર્ષોમાં, ૧૬,૧૮૮ ખેડૂતોને ?૧૮.૫૭ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.


# પશુપાલન થકી સ્વરોજગારી મેળવવા ઈચ્છતા રાજ્યના યુવાનો માટે 'ડેરી ફાર્મ સહાય યોજના' આશીર્વાદ સમાન

ગાંધીનગર તા.૧૬

દેશના ખેડૂતોની આવક બમણી કરવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને આગળ વધારવા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે.જેના ભાગરૂપે ગ્રામીણ કક્ષાએ શિક્ષિત ખેડૂતો યુવાનો પશુપાલન વ્યવસાય અપનાવી પોતાના આવક બમણી કરી શકે તે માટે વર્ષ ૨૦૧૮-૧૯થી અમલી ૧૨ દૂધાળા પશુના 'ડેરી ફાર્મ સ્થાપવાની સહાય યોજના' આશીર્વાદ સમાન છે તેમ, વિધાનસભા ગૃહમાં કરંજના ધારાસભ્ય શ્રી પ્રવીણભાઈ ઘોઘારી દ્વારા પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે પેટા પ્રશ્ન અંગે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, સુરત જિલ્લામાં તા. ૩૧ માર્ચ ૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વરોજગારી હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવા ૧૫ અરજી આવી હતી. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા સુરત જિલ્લાના ઉમરપાડા, ઓલપાડ, કામરેજ, બારડોલી, મહુવા, માંડવી અને પલસાણા તાલુકામાંથી આવેલી કુલ ૧૫ અરજીઓ અંતર્ગત દુધાળા પશુઓ માટે કુલ રૂ. ૨૨.૬૦ લાખની રકમ સહાય પેટે ચૂકવીને ખેડૂતોને વધુને વધુ આર્થિક પગભર બનાવવાની દિશામાં પહેલ કરી છે તેમ, મંત્રી રાઘવજી પટેલે ઉમેર્યું હતું.

# સિંગતેલના ડબ્બાનો ભાવ રૂપિયા ૩૧૦૦ને પાર પહોંચ્યો



## તહેવારોની રજા પછીના ચાર દિવસમાં ભાવમાં રૂપિયા ૧૩૦નો ઉછાળો

રાજકોટ,તા.૧૬

ગરીબ અને મધ્યમ વર્ગના રસોડામાંથી સિંગતેલ ગાયબ થાય તો નવાઈ નહીં, કારણ કે લોકોના ખિસ્સા પર વધુ એક મોંઘવારીનો માર પડ્યો છે. તહેવારો નજીક આવતા જ સિંગતેલના ભાવ ભડકે બળ્યા છે. બે દિવસ બાદ આજે ફરી સિંગતેલના ભાવમાં રૂપિયા ૩૦નો વધારો થતાં મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને સિંગતેલ ખાવું મુશ્કેલ બન્યું છે. સિંગતેલના ડબ્બાનો ભાવ રૂપિયા ૩૧૦૦ને પાર પહોંચ્યો છે. અંદાજે દોઢ મહિનાની વરસાદી બ્રેકને કારણે મગફળીનો ઉત્પાદનનો ફટકો પડશે તેવી આશંકાથી સિંગતેલમાં બેફામ તેજીનો દોર શરૂ થયો છે. આજે રૂપિયા ૩૦ના ઉછાળાથી ભાવ ફરી ૩૧૦૦ના રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે તહેવારોની રજા પછીના ચાર દિવસમાં ભાવમાં રૂપિયા ૧૩૦નો ઉછાળો નોંધાયો છે. રાજકોટમાં સિંગતેલ નવા ડબ્બાનો ભાવ રુપિયા ૩૦ના સુધારાથી ૩૦૫૦થી ૩૧૦૦ થયો હતો. ગત મહિને ડબ્બો ૩૧૦૦નો થયા બાદ અંદાજીત ૧૫૦ રુપિયા ઘટી ગયા હતા,પરંતુ ચોમાસાની ચિંતાના કારણે ફરી એક વખત તેજી થઈ છે અને ભાવ રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે. જાણકારોના કહેવા પ્રમાણે દોઢ મહિનાથી વરસાદ નથી. પરિણામે મગફળીના વાવેતરને વ્યાપક નુકસાન છે. વિઘા દીઠ ઉત્પાદન ઘટી શકે છે. રાજ્ય સરકારે પ્રાથમિક અંદાજે ૩૯ લાખ ટન મગફળી ઉત્પાદન થવાનો અંદાજ મુક્યો હતો, પરંતુ વેપારીઓના અંદાજે ૨૪-૨૫ લાખ ટન મગફળી ઉત્પાદન થાય તેવો અંદાજ છે. જેમાં ૨૦ ટકાથી વધુ ગાબડુ પડી શકે તેમ હોવાનું જાણકારોનું માનવું છે. જો કે આગોતરા વાવેતર થઈ ગયા હતા તેવી મગફળી તો બજાર થવા લાગી છે. સિંચાઈ સુવિધા ધરાવતી ખેતીમાં પણ કોઈ ખાસ વાંધો નથી પરંતુ જયાં વાવેતર નબળા પડી ગયા છે ત્યાં કદાચ હવે ફરી વરસાદ આવે તો પણ મોટો ફાયદો થાય તેવી શકયતા નથી.

# નવા વાહનોમાં TC નંબર સિસ્ટમ દૂર કરી નંબર પ્લેટ લગાવવાનો અમલ શરૂ

**● વાહન રજિસ્ટ્રેશન થયા બાદ અને તમામ ટેક્સ ભર્યા બાદ સીધો નવો નંબર આપીને જ નંબર સાથે વાહન આપવામાં આવશે ● ડિલર એસોસિએશન દ્વારા નવા નિયમનો વિરોધ કરાયો**

અમદાવાદ, તા.૧૬

હવેથી નંબર પ્લેટ આવ્યા બાદ જ ખરીદેલુ વાહન તમને મળી શકશે. નવા વાહનોમાં TC નંબર સિસ્ટમ દૂર કરવામાં આવી છે. Rto પાસેથી કામ લઈને ડીલરોને સોંપાતા નિયમમાં ફેરફાર કરવામાં આવ્યા છે. પહેલા વાહન ખરીદી ટીસી નંબર આપી વાહન આપી દેવાતા હતા. હવે વાહન રજિસ્ટ્રેશન થયા બાદ અને તમામ ટેક્સ ભર્યા બાદ સીધો નવો નંબર આપીને જ નંબર સાથે વાહન આપવામાં આવશે. હવેથી નવા નંબર કાઢવાની અને નંબર પ્લેટ લગાવવાની કામગીરી પણ ડિલરે જ કરવાની રહેશે. આ નવી પદ્ધતિ લાગુ થઈ છે અને ૧૩ સપ્ટેમ્બર સુધીના તમામ ડેટા ડિલરોએ RTOને આપવા સૂચન કરવામાં આવ્યુ છે. ૧૪ સપ્ટેમ્બરથી નવી પદ્ધતિ પ્રમાણે ડિલરો જ કામ કરી નંબર પ્લેટ સાથે નવા વાહન લોકોને આપી શકશે. તમામ વાહનોના રજિસ્ટ્રેશનથી લઈને નંબરની ફાળવણી સુધીની પ્રક્રિયા શો-રૂમમાંથી કરવામાં આવશે, જેથી ફી અને ટેક્સ ભર્યા બાદ તરત જ વાહનમાં નંબર પ્લેટ પણ લાગી જશે. પહેલાં આરટીઓમાંથી નંબરની ફાળવણી થતી હતી, જે હવે ડીલર્સ કક્ષાએથી જ ફાળવવામાં આવશે, જેથી નંબર ફાળવણીની પ્રક્રિયા ઝડપી બનશે તેમજ વાહનમાલિકોને આરટીઓ કચેરી આવવામાંથી મુક્તિ મળશે. ડીલર કક્ષાએથી નંબર ફાળવણી થયા બાદ આરટીઓમાંથી દસ્તાવેજોની ચકાસણી અને કાયદા મુજબ ફી અને ટેક્સ ભર્યો છે કે નહીં એની ચકાસણી કરવામાં આવશે. જોકે બીજી તરફ વાહનોના ડિલરોએ નવી પદ્ધતિનો વિરોધ કર્યો છે. થોડા દિવસ અગાઉ જ ડિલર એસોશિએશન દ્વારા આ નિયમના વિરોધમાં પિટિશન ફાઈલ કરવામાં આવી છે. ત્યારે હવે નવી જાહેરાત અને લાગુ થનારા નવા નિયમથી ડિલરો અળગા રહી શકે છે. ડીલર એસોસિએશન દ્વારા આગામી સમયમાં આ અંગે સત્તાવાર જાહેરાત કરાશે. નવા નિયમ પ્રમાણે, શોરૂમમાંથી વાહન ખરીદતા ત્યાં જ નંબર પ્લેટ લગાવી આપવામાં આવશે. નંબર પ્લેટ લાગ્યા વગર શોરૂમમાંથી વાહન નીકળી શકશે નહીં અને જો નંબર પ્લેટ લાગ્યા વગરના વાહનો બહાર ફરતા જોવા મળશે તો ડીલર ઉપર કાર્યવાહી થશે તેવી તાકીદ પણ કરવામાં આવી છે.જેમાં સસ્પેનશન તેમજ ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કર્યા હોય તો ફરિયાદ સહિતની કાર્યવાહી થશે.

# રાજ્યમાં હાર્ટ એટેકથી બે યુવાન અને એક ૧૨ વર્ષના છોકરાનું મોત

## દ્વારકામાં ધોરણ છમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી અને રાજકોટમાં બે નવયુવાનોના હૃદય અચાનક બંધ પડ્યા

અમદાવાદ,તા.૧૬

રાજ્યમાં હાર્ટ એટેકથી બે યુવા અનો એક ૧૨ વર્ષના છોકરાનું મોત થતાં ચિંતામાં વધારો થયો છે. દ્વારકામાં ધોરણ છમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી અને રાજકોટમાં ૨૦ વર્ષની વયે પહોંચેલા બે નવયુવાનોના હૃદય અચાનક બંધ પડતાં પરિવારમાં ભારે ગમગીની છવાઈ ગઈ હતી. સાથે હવે આવા મામલા મેડિકલ જગત માટે ચિંતાનો વિષય બનતા જાય છે. દ્વારકાના ભાણવડ તાલુકાના વિજાપુર ગામમાં ૧૨ વર્ષીય છોકરો પોતાના ઘરના પ્રાંગણમાં બેભાન હાલતમાં મળી આવ્યો હતો. દુષ્યંત પિપ્રોતર ધોરણ છમાં અભ્યાસ કરતો હતો. બેભાન હાલતમાં મળેલા દુષ્યંતને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. દુષ્યંતના પિતાએ જણાવ્યું હતું કે, અમે તેને હોસ્પિટલ લઈ ગયા હતા. પણ ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. મારા પુત્રએ કોરોનાની રસી લીધી ન હતી. દુષ્યંતના મોતથી શિક્ષકો અને સમગ્ર ગામમાં ભારે ગમગીની છવાઈ ગઈ હતી. વિજાપુર ગામની શાળાના આચાર્યએ જણાવ્યું હતું કે, અમે દુષ્યંતના માનમાં શાળામાં બે મિનિટનું મૌન પાળ્યું હતું. જ્યારે બીજી ઘટનામાં નિમિત સદરાની દવાની દુકાન નજીક અચાનક ઢળી પડયો હતો. સ્થાનિકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને ફોન કર્યો હતો. નિમિતને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જો કે ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. મૃતકના પિતાએ જણાવ્યું હતું કે, મારો પુત્ર બેંકમાં ઈન્ટરવ્યૂ માટે ગયો હતો. પણ ત્યાં પહોંચે તે પહેલા જ તેનું મોત નિપજયું હતું. અન્ય એક ઘટનામાં જાસ્મીન વગાસિયાનું પોતાના સગાની ફેકટરીમાં મોત નિપજયું હતું. ફેકટરીમાં હાજર લોકો જાસ્મીનને સારવાર અર્થે હોસ્પિટલ લઈ ગયા હતા. પણ ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

# ઋણની ચૂકવણીના ૩૦ દિવસમાં લોન લેનારને મિલકતના કાગળો પરત કરવામાં આવે: વિલંબ માટે રૂા.૫૦૦૦ પ્રતિ દિવસ ચૂકવવામાં આવે; RBI




નવી દિલ્હી તા.૧૬

રિઝર્વ બેંકે તાજેતરમાં બેંકો અને નાણાકીય સંસ્થાઓને તમામ મૂળ જંગમ અથવા સ્થાવર મિલકતના દસ્તાવેજો રિલીઝ કરવા અને ઋણ લેનાર દ્વારા લોનની સંપૂર્ણ ચૂકવણી પછી ૩૦ દિવસની અંદર કોઈપણ રજિસ્ટ્રીમાં નોંધાયેલા ચાર્જને દૂર કરવા નિર્દેશ આપ્યો છે. આ નિર્દેશનું પાલન કરવામાં નિષ્ફળ જતાં રેગ્યુલેટેડ એન્ટિટીઝ (REs) વિલંબના દરેક દિવસ માટે ઋણ લેનારને રૂા.૫૦૦૦ના દરે વળતર આપશે.

RBIએ નોંધ્યું છે કે, REs આવા જંગમ અથવા સ્થાવર મિલકતના દસ્તાવેજો જાહેર કરવા માટે અલગ-અલગ પ્રથાઓનું પાલન કરે છે જે ગ્રાહકની ફરિયાદો અને વિવાદો તરફ દોરી જાય છે. વાજબી પ્રેક્ટિસ કોડના ભાગ રૂપે અને વસ્તુઓને એકસમાન બનાવવા માટે, RBIએ REsને લોન એકાઉન્ટની સંપૂર્ણ ચૂકવણી/પતાવટ પછી ૩૦ દિવસની અંદર તમામ મૂળ જંગમ/અચલ મિલકતના દસ્તાવેજો રિલીઝ કરવા અને કોઈપણ રજિસ્ટ્રીમાં નોંધાયેલા ચાર્જને દૂર કરવા જણાવ્યું હતું. આમ કરવામાં વિલંબ થવાના કિસ્સામાં RE આવા વિલંબના કારણો ઉધાર લેનારને જણાવશે.

ઋણ લેનારને મૂળ જંગમ/અચલ મિલકતના દસ્તાવેજો કયાં તો બેંકિંગ આઉટલેટ/બ્રાંચમાંથી જ્યાં લોન ખાતું સર્વિસ કરવામાં આવ્યું હતું અથવા REની અન્ય કોઈ ઓફિસમાંથી જ્યાં દસ્તાવેજો ઉપલબ્ધ હોય ત્યાંથી, તેણીની/તેની પસંદગી મુજબ, એકત્ર કરવાનો વિકલ્પ આપવામાં આવશે. મૂળ જંગમ/અચલ મિલકતના દસ્તાવેજો પરત કરવાની સમયરેખા અને સ્થળનો ઉલ્લેખ અસરકારક તારીખે અથવા તે પછી જારી કરાયેલા લોન મંજૂરી પત્રોમાં કરવામાં આવશે. ઉધાર લેનાર અથવા સંયુક્ત ઋણ લેનારાઓના મૃત્યુની આકસ્મિક ઘટના માટે આરબીઆઈએ જણાવ્યું હતું કે, REs પાસે કાનૂની વારસદારોને મૂળ જંગમ/જંગમ મિલકતના દસ્તાવેજો પરત કરવા માટે યોગ્ય પ્રક્રિયા હોવી જોઈએ. આવી પ્રક્રિયા ગ્રાહકની માહિતી માટે અન્ય સમાન નીતિઓ અને પ્રક્રિયાઓ સાથે ઈઈજની વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવામાં આવશે. મૂળ જંગમ/અચલ મિલકતના દસ્તાવેજોને નુકસાનના સંદર્ભમાં REs આવા દસ્તાવેજોની ડુપ્લિકેટ/પ્રમાણિત નકલો મેળવવામાં ઋણ લેનારને મદદ કરશે અને વળતર ચૂકવવા ઉપરાંત સંબંધિત ખર્ચ પણ ઉઠાવશે. જો કે, આવા કિસ્સાઓમાં આ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે REs માટે ૩૦ દિવસનો વધારાનો સમય ઉપલબ્ધ રહેશે અને વિલંબિત સમયગાળાની પેનલ્ટી (એટલે કે કુલ ૬૦ દિવસના સમયગાળા પછી) ગણવામાં આવશે. આ નિર્દેશો હેઠળ પૂરા પાડવામાં આવેલ વળતર કોઈપણ લાગુ કાયદા મુજબ અન્ય કોઈ વળતર મેળવવા માટે ઉધાર લેનારાના અધિકારો સાથે પૂર્વગ્રહ વિના કરવામાં આવશે.

# દેશની સર્વોચ્ચ અદાલત ભ્રષ્ટાચારના કેસોમાં કોઈ રાહત આપવાના મૂડમાં નથી

નવી દીલ્હી તા.૧૬

સુપ્રીમ કોર્ટે ભ્રષ્ટ અધિકારીઓ ઉપર કડક કાર્યવાહી કરી છે. કોર્ટની બંધારણીય બેંચે ચુકાદો આપ્યો છે કે ભ્રષ્ટાચારના કેસમાં સંયુક્ત સચિવ અને તેનાથી ઉપરના રેન્કના અધિકારીઓની ધરપકડમાં સંબંધિત સત્તાધિકારીની પરવાનગી લેવાની જરૂર નથી અને આ નિયમ ૨૦૦૩ પહેલાના કેસોમાં પણ લાગુ થશે. એટલે કે દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ (DSPE) એકટનો કોઈ અર્થ નથી. વાસ્તવમાં, DSPE એક્ટમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે કેન્દ્ર સરકારમાં જોઈન્ટ સેક્રેટરી અથવા તેનાથી ઉપરના રેન્કના અધિકારીઓની ધરપકડ કરતા પહેલા સંબંધિત ઓથોરિટી પાસેથી પરવાનગી લેવી પડશે. પરંતુ ૨૦૦૪માં CBIએ ભ્રષ્ટાચારના કેસમાં દિલ્હીના મુખ્ય જિલ્લા તબીબી અધિકારીની ધરપકડ કરી હતી ત્યારબાદ તેણે DSPE એક્ટ હેઠળ રાહત માટે અપીલ કરી હતી. તે પછી, આ કાયદાની યોગ્યતાની સમીક્ષા કરતી વખતે, સુપ્રીમ કોર્ટે ૨૦૧૪માં આ કાયદાને રદ કર્યો હતો. ત્યારે પ્રશ્ન એ ઊભો થયો કે આ નિર્ણય પહેલા પેન્ડિંગના કેસોમાં કયો નિયમ લાગુ પડશે. તેના ઉપર બંધારણીય બેંચે ચુકાદો આપ્યો છે કે ૨૦૧૪નો નિર્ણય અગાઉના કેસોને પણ લાગુ પડશે. આનાથી ફરી એક વખત સાબિત થયું છે કે કોર્ટ ભ્રષ્ટાચારના મામલામાં કોઈપણ પ્રકારની છૂટ આપવાના પક્ષમાં નથી.

વાસ્તવમાં, જ્યારે DSPE એક્ટ બનાવવામાં આવ્યો હતો, ત્યારે તેની પાછળનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો હતો કે કોઈપણ અધિકારીની ધરપકડને કારણે સંબંધિત વિભાગની કામગીરી ખોરવાઈ ન જાય. સંયુક્ત સચિવ અને તેનાથી ઉપરના હોદ્દા ધરાવતા અધિકારીઓએ ઘણી ગંભીર અને તાકીદની બાબતોમાં તાત્કાલિક નિર્ણયો લેવા પડે છે. જો તેની અચાનક ધરપકડ કરવામાં આવે તો ઘણા પ્રોજેક્ટ અને અન્ય કામો અટકી શકે છે. તેથી, આ કિસ્સામાં ધરપકડ માટે સંબંધિત ઓથોરિટી એટલે કે મંત્રાલય પાસેથી પરવાનગી મેળવવી ફરજિયાત કરવામાં આવી હતી. પરંતુ આ કાયદો એક રીતે અધિકારીઓ માટે ઢાલ સમાન સાબિત થયો હતો. જો તપાસ એજન્સીઓ પાસે મજબૂત પુરાવા હોય તો પણ તેઓ સંબંધિત વિભાગની પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ ભ્રષ્ટ અધિકારીની ધરપકડ કરી શકતા ન હતા. આ ઉચ્ચ હોદ્દા ઉપર પહોંચેલા લોકોના તેમના વરિષ્ઠ અધિકારીઓ, મંત્રીઓ વગેરે સાથે સારા સંબંધો હોય છે. આ રીતે ઘણા અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં લાંબો સમય લાગ્યો હતો. ત્યાં સુધી કેસ સંબંધિત પુરાવા સાથે છેડછાડની આશંકા હતી. આવી સ્થિતિમાં સુપ્રીમ કોર્ટે ડીએસપીઈને અપ્રસ્તુત ગણાવ્યું હતું. ભ્રષ્ટાચારના કેસોમાં તપાસ એજન્સીઓને સૌથી મોટી અડચણ એ છે કે પ્રભાવશાળી લોકો અને શાસક પક્ષ સાથે સંકળાયેલા લોકો સામે તપાસ અને કાર્યવાહી કરતી વખતે તેમને વિવિધ પ્રકારની પરવાનગીઓ લેવી પડે છે. મંત્રાલયોમાં બેઠેલા અધિકારીઓ ક્યારેક મંત્રીઓના પ્રિય અને વિશ્વાસુ હોય છે, તેથી જ કેટલાક મંત્રીઓ મિલીભગતને કારણે તેમની સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપવાનું ટાળે છે. કોઈપણ મંત્રી કે સાંસદ-ધારાસભ્ય સામે પગલાં લેવામાં પણ આ જ સમસ્યા ઊભી થાય છે. જો કે છેલ્લા કેટલાક વર્ષોમાં આવા લોકો સામે શિક્ષાત્મક કાર્યવાહી પણ કરવામાં આવી છે. પરંતુ હજુ પણ સવાલ ઉઠી રહ્યો છે કે શાસક પક્ષના લોકો સામે તપાસ એજન્સીઓ કડક પગલાં કેમ ઉઠાવી શકતી નથી. સુપ્રીમ કોર્ટના આ નિર્ણય બાદ કદાચ તપાસ એજન્સીઓની હિંમત થોડી વધી ગઈ હશે. પરંતુ શાસક પક્ષના દબાણથી મુક્ત રહીને તપાસ એજન્સીઓ કેટલી મુક્ત કામગીરી કરી શકશે તે તો સમય જ કહેશે.

# રશિયન પ્રમુખ પુતિને 'મેક ઈન ઈન્ડિયા' પહેલની પ્રશંસા કરી; અને કહ્યું કે, આપણે પણ તેનું અનુકરણ કરવું 'યોગ્ય' છે

(એજન્સી) તા.૧૬

રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની 'મેક ઈન ઈન્ડિયા' પહેલની પ્રશંસા કરી છે અને કહ્યું છે કે રશિયા તેના સ્થાનિક ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન આપવા માટે ભારત જેવા તેના ભાગીદારોની સફળતાની વાર્તાઓનું અનુકરણ કરી શકે છે. પુતિને મંગળવારે આ ટીપ્પણીઓ વ્લાદિવોસ્તોકમાં ૮મા ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમના પ્લેનરી સત્રમાં કરી હતી.

રશિયન બનાવટની કાર અંગેના પ્રશ્નના જવાબમાં પુતિને કહ્યું કે, તમે જાણો છો, અમારી પાસે ત્યારે સ્થાનિક રીતે બનાવેલી કાર ન હતી, પરંતુ અમે હવે તેનું ઉત્પાદન કરીએ છીએ. તે સાચું છે કે તે મર્સિડીઝ અથવા ઓડી કાર કરતાં વધુ સાધારણ લાગે છે. મને લાગે છે કે આપણે આપણા ભાગીદારોનું અનુકરણ કરવું જોઈએ, ઉદાહરણ તરીકે, ભારત. વડા પ્રધાન મોદીએ ૨૦૧૪ માં રોકાણની સુવિધા, નવીનતાને પ્રોત્સાહન આપવા, કૌશલ્ય વિકાસને વધારવા, બૌદ્ધિક સંપત્તિનું રક્ષણ કરવા અને શ્રેષ્ઠ-વર્ગના ઉત્પાદન માળખાના નિર્માણ માટે 'મેક ઈન ઈન્ડિયા' ઝુંબેશ શરૂ કરી હતી. 'મેક ઈન ઈન્ડિયા' પહેલ ચાર સ્તંભો ઉપર આધારિત છે, જે ભારતમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવી છે, અને તે માત્ર ઉત્પાદનમાં જ નહીં પરંતુ અન્ય ક્ષેત્રોમાં પણ સફળ છે. તેમણે કહ્યું કે, તેઓ ભારતીય બનાવટના વાહનોના ઉત્પાદન અને ઉપયોગ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. મને લાગે છે કે વડાપ્રધાન મોદી મેક ઈન ઈન્ડિયા પ્રોગ્રામને પ્રોત્સાહન આપવા માટે યોગ્ય કાર્ય કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે રશિયન બનાવટની ઓટોમોબાઈલનો ઉપયોગ કરવો યોગ્ય છે. અમારી પાસે રશિયન નિર્મિત ઓટોમોબાઈલ છે, અને આપણે તેનો જ ઉપયોગ કરવો જોઈએ; આ યોગ્ય નીતિ છે. આનાથી અમારી WTOની જવાબદારીઓનું કોઈ ઉલ્લંઘન થશે નહીં, બિલકુલ નહીં. આપણે તેના સંબંધમાં ચોક્કસ સાંકળ બનાવવી જોઈએ. વિવિધ વર્ગના અધિકારીઓ કાર ચલાવે છે અને તેઓએ સ્થાનિક રીતે બનાવેલી કારનો ઉપયોગ કરવો જોઈએ. પુતિને એમ પણ કહ્યું કે 'ભારત-મધ્ય-પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર' (IMEC) રશિયાને કોઈપણ રીતે અસર કરશે નહીં અને દાવો કર્યો કે તે હકીકતમાં દેશને ફાયદો કરશે. IMECની જાહેરાત નવી દિલ્હીમાં G20 સમિટ દરમ્યાન કરવામાં આવી હતી. મહત્વાકાંક્ષી ભારત-મધ્ય-પૂર્વ-યુરોપ ઈકોનોમિક કોરિડોર (IMEC)ની સંયુક્ત રીતે યુએસ, ભારત, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, ફ્રાન્સ, જર્મની, ઈટાલી અને યુરોપિયન યુનિયનના નેતાઓ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. પુતિને તેમના "વ્યસ્ત શિડ્યુલ"ને કારણે ૪૨૦ સમિટમાં વ્યક્તિગત રીતે હાજરી આપી ન હતી. શું IMEC પહેલ રશિયા અને ચાઈનીઝ પ્રોજેકટ્સના અમલીકરણને અસર કરશે અને સામાન્ય રીતે રશિયા માટે તેનો અર્થ શું છે તે અંગેના પ્રશ્નના જવાબમાં પુતિને કહ્યું કે, પ્રથમ તો, આ પ્રોજેક્ટ (IMEC) ઉપર લાંબા સમયથી ચર્ચા કરવામાં આવી રહી છે, કદાચ છેલ્લા ઘણા વર્ષોથી. સાચું કહું તો, અમેરિકનો છેલ્લી ઘડીએ તેમાં જોડાયા હતા. પરંતુ મને સમજાતું નથી કે તેઓ શા માટે તેનો ભાગ બનવા માંગે છે. કદાચ કેટલાક વ્યવસાયિક હિતના સંદર્ભમાં તેઓ તેનો ભાગ બની રહ્યા છે. તે દરમ્યાન આ કોરિડોર ઉપર માલસામાનનો વધારાનો ટ્રાફિક વાસ્તવમાં અમારા ઉત્તર-દક્ષિણ પ્રોજેક્ટમાં એક ઉમેરો હશે. અમને અહીં એવું કંઈ દેખાતું નથી કે જે અમને કોઈપણ રીતે નુકસાન પહોંચાડી શકે. ઉત્તર-દક્ષિણ કોરિડોર પર્સિયન ગલ્ફ અને પછી ભારત જાય છે. જો ત્યાં અન્ય માર્ગ હોય, તો હું માનું છું કે તેમાં ઈઝરાયેલનો સમાવેશ થાય છે, અમે કાળા સમુદ્ર દ્વારા ભૂમધ્ય સમુદ્ર સુધી પહોંચી શકીશું અને આ કોરિડોરનો ઉપયોગ કરી શકીશું. નવા આર્થિક કોરિડોરને ચીનના વિવાદાસ્પદ બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ (BRI)ના વિકલ્પ તરીકે જોવામાં આવે છે.

# ૨૦૫૦ સુધીમાં ગંગા નદીમાં ઉષ્ણકટિબંધીય તોફાનોની તીવ્રતા ૨૦ ટકા સુધી વધી જશે

(એજન્સી) તા.૧૬

ભારતની ગંગા નદી સહિત વિવિધ એશિયન નદીઓના તટીય વિસ્તારોમાં ભવિષ્યમાં વધુ તીવ્રતાના ઉષ્ણકટિબંધીય વાવાઝોડા ત્રાટકી શકે છે. જોકે તેમની સંખ્યા ઓછી રહેશે. એક નવા અભ્યાસમાં આ માહિતી આપવામાં આવી છે. બ્રિટનની ન્યૂકેસલ યુનિવર્સિટીના નેતૃત્વમાં અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૫૦ સુધીમાં ગંગા તટીય વિસ્તારમાં ઉષ્ણકટિબંધીય વાવાઝોડાની તીવ્રતા લગભગ ૨૦ ટકા વધી જશે. જિયોફિઝિકલ રિસર્ચ લેટર્સ જર્નલમાં પ્રકાશિત થયેલા આ અભ્યાસમાં જોકે, ગંગા અને મેકોંગ નદીઓના નીચલા ડેલ્ટા વિસ્તારોમાં તોફાનોની સંખ્યામાં ૫૦ ટકાથી વધુ ઘટાડો થવાની ધારણા છે. મેકોંગ નદી હિમાલયના ઉચ્ચપ્રદેશમાંથી નીકળે છે અને મ્યાનમાર, દક્ષિણ વિયેતનામમાંથી વહે છે અને દક્ષિણ ચીન સમુદ્રમાં જોડાય છે. તેમની મર્યાદિત અનુકૂલન ક્ષમતા અને સ્થાનને કારણે, ભારતનો પૂર્વ કિનારો અને બાંગ્લાદેશ અને વિયેતનામના નીચલા ડેલ્ટેઈક પ્રદેશો માત્ર ઉષ્ણકટિબંધીય વાવાઝોડાને કારણે જીવન અને સંપત્તિના ભારે નુકસાન માટે જ નહીં પરંતુ આબોહવા પરિવર્તનની અસરો માટે પણ સંવેદનશીલ છે, જેમાં ફેરફારોનો સમાવેશ થાય છે. ઉષ્ણકટિબંધીય તોફાનો રચાય છે જ્યારે ઉષ્ણકટિબંધીય મહાસાગરોમાંથી પાણીની વરાળને કારણે નીચા દબાણનો વિસ્તાર બને છે. ઉષ્ણકટિબંધીય વાવાઝોડામાં, પવનની ગતિ ૬૦ કિલોમીટર પ્રતિ કલાકથી વધી શકે છે અને આ સમય દરમ્યાન ભારે વરસાદ પડી શકે છે.

# ભારતે મહત્વાકાંક્ષી ઉત્સર્જન લક્ષ્યો નક્કી કર્યા હોવા છતાં દેશમાં લગભગ દરેક ૧૦મું વાહન હજુ પણ ડીઝલથી ચાલી રહ્યું છે : ડેટા

નવી દિલ્હી તા.૧૬

માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરી ઈચ્છે છે કે ભારતીય વાહન ઉત્પાદકો ડીઝલનો ઉપયોગ બંધ કરે. તેમની સલાહ અર્થપૂર્ણ છે. પેરિસ, જે આવતા વર્ષે ઓલિમ્પિકસનું આયોજન કરશે, તેણે ૨૦૨૪થી ડીઝલ કાર ઉપર પ્રતિબંધ મૂકવા ઉપરાંત સ્વચ્છ ઈંધણ દ્વારા સંચાલિત બસોમાં સંક્રમણ કરવાની જાહેરાત કરી દીધી છે. લંડનમાં, ડીઝલ કારનો હિસ્સો સિંગલ ડિજિટમાં આવી ગયો છે કારણ કે ઈલેક્ટ્રિક વાહનો એ નવા ખરીદદારોની પસંદગી બની ગયા છે. વૈશ્વિક સ્તરે, ગ્રીન ફયલ દ્વારા સંચાલિત વાહનો તરફના પગલાને વેગ મળ્યો છે. જ્યારે ભારત ઈલેક્ટ્રિક વાહનો અને વૈકલ્પિક ઈંધણ તરફ પણ આગળ વધી રહ્યું છે, ત્યારે આ સંક્રમણ ચોક્કસપણે ઝડપી બની શકે છે. કોઈ પણ સંજોગોમાં, ઉત્સર્જનના કડક ધોરણો છેલ્લા એક દાયકામાં સ્થાનિક બજારમાં ડીઝલ વાહનોના હિસ્સાને ઓછું કરવા તરફ દોરી ગયા છે અને આ વલણ નજીકના ભવિષ્યમાં વધુ ઝડપી બનશે. તેથી, ગડકરીનો ઉપદેશ ભવિષ્યનું ચિત્ર દર્શાવે છે. ઓટોમોટિવ ઉદ્યોગના વાર્ષિક કોક્લેવમાં ગડકરીએ પ્રદૂષણના વધતા જોખમ અને ડીઝલ વાહનને દૂર કરવાની તેમની માંગને યોગ્ય ઠેરવવા માટે ભારતના ભારે ઈંધણ આયાત બિલમાં ડીઝલના યોગદાનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ ડીઝલ વાહનો ઉપર ૧૦% વધારાના GST વસૂલવાની ભલામણ નાણા મંત્રાલયને કરશે જેથી તેઓ તેમના ઉત્પાદન અને ઉપયોગને નિષેધ કરી શકે, પરંતુ બાદમાં તેઓએ સ્પષ્ટતા કરી કે હાલમાં આવી કોઈ દરખાસ્ત નથી. પહેલેથી જ, ડીઝલ વાહનો પર લગભગ ૫૦%ના દરે ભારે કર લાદવામાં આવે છે અને તેઓ પેટ્રોલ વાહનોની તુલનામાં તેમની વધુ સારી ઈંધણ કાર્યક્ષમતાને કારણે વાહન ખરીદદારોના એક વર્ગની તરફેણમાં છે.

વિશ્વના ત્રીજા સૌથી મોટા ઓટોમોટિવ બજાર તરીકે, ભારત ડીઝલના પ્રબળ વપરાશને કારણે વાહનોના ઉત્સર્જનનો અપ્રમાણસર બોજ સહન કરે છે. મોટાભાગની કોમર્શિયલ ટેક્સીઓ હજુ પણ ડીઝલ પર ચાલે છે, ભારતીય ટ્રકો ડીઝલનો ધુમાડો ફેલાવે છે અને મોટા સ્પોર્ટ્સ યુટિલિટી વ્હીકલ (SUV) તેમજ ખાનગી કાર પણ ડીઝલનો ઉપયોગ કરે છે. તકનીકી પ્રગતિએ ડીઝલ વાહનોને સતત સ્વચ્છ બનાવ્યા છે, જેમાં ઉત્સર્જનમાં ઘટાડો થયો છે, પરંતુ પેટ્રોલ અને ગ્રીન ફયુઅલના વાહનોની સરખામણીમાં તેઓ હજુ પણ વધુ છે. ગડકરી લાંબા સમયથી ઈથેનોલ જેવા ઈંધણના સમર્થક છે. કેટલાક વર્ષો પહેલા, તેમણે કહ્યું હતું કે ભારતનો ઓટોમોટિવ ઉદ્યોગ ૨૦૩૦ સુધીમાં ઈલેક્ટ્રિક થઈ જશે. તેઓ ઉત્સર્જન લક્ષ્યો નક્કી કરવામાં અતિશય ઉત્સાહી છે.



ભારતે ઈલેક્ટ્રિક વાહનોને અપનાવવાની પ્રક્રિયાને વેગ આપ્યો છે, અને ડેટા મુજબ માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયના વાહન પોર્ટલ ઉપલબ્ધ છે, ભારતમાં ૨૦૨૩ માં અત્યાર સુધીમાં નોંધાયેલા તમામ વાહનોમાંથી ૬% થી વધુ વાહનો ઈલેક્ટ્રિક વાહનો છે.

વાહન ડેટા એ પણ દર્શાવે છે કે કેલેન્ડર ૨૦૨૩ માં અત્યાર સુધીમાં નોંધાયેલા કુલ વાહનો (૧,૫૭,૦૭,૮૩૧ અથવા લગભગ ૧.૬ કરોડ વાહનો), લગભગ ૧૧.૩૫% ડીઝલના હતા. ડીઝલ વાહનોની ટકાવારીમાં ગયા વર્ષની સરખામણીમાં થોડો વધારો થયો છે. કેલેન્ડર ૨૦૨૨માં નોંધાયેલા કુલ વાહનોમાંથી (૨.૧૫,૫૬,૨૪૨ અથવા ૨.૧૫ કરોડ), ૨,૩૪૪,૦૫૦ અથવા લગભગ ૧૦.૯% ડીઝલ હતા. તેથી, સરેરાશ, સમગ્ર ભારતમાં નોંધાયેલ લગભગ દરેક ૧૦મું વાહન હજુ પણ ડીઝલનું છે.

### જીલ્લા પોલીસ વડાના સુકાની પદે

# ગીર સોમનાથ પોલીસ તંત્રએ પવિત્ર શ્રાવણ દરમ્યાન દર્શનાર્થીઓ માટે સુંદર વ્યવસ્થા બજાવી

**સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન પોલીસના સુપેરે બંદોબસ્તથી એકપણ અનિચ્છનીય બનાવ બનેલ નથી, પોલીસ યાત્રિકોને મદદરૂપ બની**






(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૬

વિશ્વપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણ માસમાં ૩૦ દિવસ ગુજરાત પોલીસના મોડેલરૂપ અને અન્ય તિર્થોને પ્રેરક દ્રષ્ટાંતરૂપ બને તેવો સુરેખ પોલીસ બંદોબસ્ત જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાની આગવી સુઝબુઝ, અનુભવ અને રાષ્ટ્રકક્ષાની તાલીમના નીચોડરૂપ ગોઠવાયો છે.

સામાન્ય રીતે અંબાજી, ગિરનાર, તરણેતર, દ્વારકા, રાજકોટ જેવા સ્થળોએ બે થી માંડી સાત દિવસ સુધીના મેળા કે યાત્રિકોની ભીડ અનુલક્ષી બંદોબસ્ત ગોઠવાય છે. જયારે સોમનાથમાં સળંગ ૩૦ દિવસ અને એ પણ રાઉન્ડ ધી કલોક બંદોબસ્ત રહયો જે ગુજરાત પોલીસનો સૌથી લાંબો એક માત્ર બંદોબસ્ત છે.

દિલ્હી લોકસભા, રાજયસભાના સભ્યોને પણ બંદોબસ્તનું પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું જેમાં જીલ્લા પોલીસ વડા મનોહરસિંહજી જાડેજાએ રજુ કરેલ કે મંદિરની રાઉન્ડ ધ કલોક સિકયોરીટી, પેટ્રોલીંગ, આર્મડ, સિકયોરીટી, વોચ ટાવર અને અન્ય વિગતો દર્શાવાઈ. જીલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાંથી નિયત સંખ્યામાં જવાનોને પોલીસ બંદોબસ્તમાં મુકાયા અને જેમ રાષ્ટ્રપતિ, વડાપ્રધાન કોઈ શહેરમાં આવે ત્યારે વધારાનું આઈડેન્ટીટી કાર્ડ લગાવવામાં આવે છે તે ધોરણે નામ અને ફરજ સ્થળ દર્શાવતા કાર્ડો ઈશ્યુ કરાયા હતા અને સમગ્ર શ્રાવણ માસમાં કોઈ પોતાની ફરજનો પોઈન્ટ ન છોડે તેવી પાકી દેખરેખ રખાઈ હતી અને બોડી વોર્ન કેમેરા પણ એલોટ કરાયા હતા. પોસ્ટ ઓફીસ સર્કલ પાસે ખાસ પોલીસ સહાયતા કેન્દ્ર સમગ્ર માસ ચાલુ રાખી ભુલા પડી જતા લોકોને સહાયરૂપ બન્યું હતું.

બેરીકેટેડ, અવર-જવર રસ્તા વોચ, નિયંત્રણ અને અન્ય પગલાઓ લઈ સાથો સાથ ટુ વ્હીલરોના ફ્રી પાર્કીંગ માટે સોમનાથ ટ્રસ્ટે કરેલી જોગવાઈથી પોલીસ ફરજ સુગમ બની. સોમનાથ મંદિર ઝેડ પ્લસ લોખંડી સુરક્ષા હોવાથી મંદિર સલામતી ઉપરાંત યાત્રિકોની સલામતીને પણ અગ્રતા આપવામાં આવી હતી. બંદોબસ્તના પોઈન્ટો જીણવટભર્યા અભ્યાસ અને પ્રત્યક્ષ નિરીક્ષણ, સગવડ, અગવડની સમીક્ષા કરી પરફેકટ રીતે ગોઠવવામાં આવ્યા હતા. અને ૫૦૦ જેટલા પોલીસ જવાનો, અધિકારીઓ કાર્યરત રહયા અને વીવીઆઈપી પ્રોટોકોલ પણ જળવાયો હતો.

આ ઉપરાંત ધ્યાન ખેંચે તેવી બાબત એ હતી કે સોમનાથમાં દર્શન પ્રથમ એન્ટ્રી ગેટ ઉપર જવાબદાર પોલીસનો બંદોબસ્ત પ્રથમ વખત જ ગોઠવાયો કે જેને કારણે એન્ટ્રી ગેટ પાસે કિંમતી જુતા -ચંપલોનો અવ્યવસ્થિત ઢગલો થતો કે ગુમ કે ચોરાઈ જતા તેનો મહદઅંશે અંકુશ આવ્યો હતો અને તે બંદોબસ્ત પોલીસ જવાનો તેમના ફરજના ભાગરૂપે ન હોવા છતાં માનવતા અભિગમ દાખવી 'જુતા-ચંપલ અંદર ઉતારો' તેવી વારંવાર સુચનાઓ આપતા લોકોની મૂલ્યવાન વસ્તુઓ બચી હતી. આમ પોલીસ પ્રજાનો મિત્ર પણ બની સાથો સાથ મંદિરમાં ન લઈ જવાની વસ્તુનું પ્રથમ ગેટેજ અટકાવી દેતા યાત્રિકોને લાંબા અંતરથી પાછું ફરવું પડતું ન હતું.

ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ આ અગાઉ સુરીનામ દેશના રાષ્ટ્રપતિની સોમનાથ મુલાકાત વખતે પણ પ્રશંસનીય બંદોબસ્ત દાખવેલ જે જોઈ તે રાષ્ટ્રપતિએ સમગ્ર સ્ટાફની પ્રશંસા કરી તેમની સાથે ગ્રુપ ફોટો પડાવ્યો હતો. તામીલ સંગમ વખતે અજાણી ભાષાના હજારો લોકો સોમનાથ દશ દિવસ આવતા રહયા અને દરરોજના ૩ થી ૪ વીવીઆઈપી રાષ્ટ્રીય, રાજય પ્રધાનો સોમનાથ આવ્યા તે બંદોબસ્તની નોંધ ગુજરાત પોલીસમાં સારી કામગીરીરૂપ લેવાયેલ છે.

# જુની પેન્શન યોજનાના અમલ માટે સોમનાથ ખાતેથી શિક્ષા યાત્રા નીકળશે

**તા.૧૭ સપ્ટેમ્બરે જૂનાગઢ ખાતે શિક્ષા યાત્રા પહોંચશે, જીલ્લાભરના શિક્ષક ભાઈ-બહેનોને જોડાવા જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનું આહવાન**

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ (સોરઠ) જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ પરબતભાઈ આર.નાઘેરા તથા મહામંત્રી દિનેશભાઈ એમ. પટેલ દ્વારા અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સમગ્ર દેશમાં જુની પેન્શન યોજના માટે ચાર ઝોનમાં યોજાનાર શિક્ષા યાત્રા પૈકી સોમનાથ ખાતેથી શરૂ થનાર યાત્રામાં જૂનાગઢ ખાતેથી જોડાવા માટે રાજય જીલ્લા, તાલુકા-કારોબારી તમામ બીઆરસી, સીઆરસી, જૂનાગઢ જીલ્લાના તમામ સારસ્વત ભાઈ-બહેનો, પ્રમુખ/મંત્રીઓ તથા જીલ્લા હોદેદારોને જોડાવા આહવાન કરવામાં આવેલ છે.

અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જુની પેન્શન યોજના દેશભરમાં ચાલુ કરવા માટે આંદોલન કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જેમાં તા.૯-૭-૨૩ ના રોજ દિલ્હી શિક્ષક ભવન ખાતે હોદેદારોની મીટીંગમાં નકકી થયા મુજબ પ્રથમ તબકકે તા.૧૦-૮-૨૩ ના રોજ દિલ્હી રામલીલા મેદાન ખાતે ધરણા કાર્યક્રમ યોજાયો હતો. બીજા તબકકામાં દેશભરમાં જુદી જુદી જગ્યાએથી શિક્ષાયાત્રા કાઢવાનું નકકી કરવામાં આવ્યું છે.

સમગ્ર દેશમાં ૫ મી સપ્ટેમ્બર, ૨૦૨૩ શિક્ષક દિનથી ૫ ઓકટોબર ૨૦૨૩ વિશ્વ શિક્ષક દિન સુધીમાં ચાર ઝોનમાં શિક્ષા યાત્રા નીકળશે. પહેલી શિક્ષા યાત્રા આસામ સીલચરથી, બીજી શિક્ષાયાત્રા સોમનાથથી નીકળશે અને તા.૧૭-૯-૨૩ ના રોજ બપોરે ૨ કલાકે જૂનાગઢ ખાતે પહોંચશેજેમાં જૂનાગઢ જીલ્લામાંથી વધુમાં વધુ શિક્ષક ભાઈ-બહેનો ઉપસ્થિત રહે તેવું આયોજન કરવા દરેક તાલુકાને અપીલ કરવામાં આવેલ છે. દરેક તાલુકામાંથી કેટલા શિક્ષક મિત્રો આવનાર છે તેની સંખ્યા બે દિવસમાં માલદેવ રાણા કેશવાલા (મહેર સમાજ) વંથલી-જૂનાગઢ હાઈવે, આંજનેય પેટ્રોલ પંપની સામે પહોંચાડવા એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢમાં શિંદે પરિવાર દ્વારા ૩૪માં ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરાશે



જૂનાગઢ તા. ૧૬

દર વર્ષની જેમ આ વર્ષે પણ જૂનાગઢ શહેરમાં શિંદે પરિવાર દ્વારા ગણેશ ઉત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવનાર છે. ગણપતિબાપા મોરયાના સુરોથી અને વડીલોના આશીર્વાદ અને મિત્ર મંડળના સહકારથી દેવોના દેવ ગણપતિ બાપાના સ્થાપના ઉત્સવની ધામધુમ પુર્વક ઉજવણીનું શીંદે પરિવાર દ્વારા જનતા દળનો ડેલો, ચિતાખાના ચોક, જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે ૧૯-૯-૨૩ ને મંગળવારે સવારે ૧૧ કલાકે ગણેશજીની સ્થાપના કરવામાં આવશે અને તા.૨૨-૯-૨૦૨૩ ને શુક્રવારે સાંજે ૬ કલાકે સત્યનારાયણની કથા રાખવામાં આવેલ છે. દરરોજ સવારે ૯.૩૦ કલાકે અને સાંજે ૮ કલાકે આરતી થશે. અને ત્યારબાદ તા.૨૩-૯-૨૩ ના રોજ કાર્યક્રમની પુર્ણાહુતિ થશે.

આ ગણેશોત્સવને સફળ બનાવવા માટે શીંદે પરિવારના સચીન એમ. શીંદે, સંદીપ એમ. શીંદે, મિતલ એમ. શીંદે, હેતાંશી એસ. શીંદે, વેદાંત એસ. શીંદે તેમજ મિત્ર મંડળ તથા ભકતજનો તડામાર તૈયારીઓ કરી રહયા છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા શંકરાવ શીંદે, અનીલભાઈ શીંદે તથા એડવોકેટ સુનીલ શીંદે દ્વારા શ્રધ્ધાળુઓને નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમની નોંધપાત્ર કામગીરી : સાયબર ફ્રોડનો ભોગ બનેલા આસામીને રૂપિયા ૪૭ લાખ પરત અપાવ્યા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા થોડા સમયગાળા દરમ્યાન લોકોને ઓનલાઈન ટ્રાન્જેકશન તેમજ વિવિધ પ્રકારના આવા વ્યવહારો બાબતે સાવચેત રહી અને જાગૃતિ કેળવવાની અપીલ સાથેના અભિગમ વચ્ચે અનેક આસામીઓ અજાણતા આવા સાયબર ઠગનો ભોગ બનતા હોય, સાયબર સેલ વિભાગ દ્વારા અનેક આસામીઓને તેઓની પુંજી પરત અપાવવા માટેની નોંધપાત્ર સફળતા મેળવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અભિષેકકુમાર દુબે નામના આસામીને ઘર બેઠા પાર્ટ ટાઈમ નોકરીની લાલચ આપીને ઓનલાઈન શોપિંગ સોલ્યુશન અને ડેટા ચોકસાઈ સાથે વેચાણ કરવામાં મદદરૂપ કરવા બદલ તેઓને આપેલા પ્રોડકટ ઉપર સારો નફો મળવા અંગેની લાલચ આપીને ઉપરોક્ત આસામીને સાયબર ઠગ દ્વારા વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા. જેના પ્રારંભે પ્રોડકટ ઉપર નફો મળ્યા બાદ અભિષેકકુમાર દુબેને આ એપ્લિકેશન ઉપર વિશ્વાસ આવી ગયો હતો. તેમના દ્વારા આ પ્રોડકટ ખરીદીના અલગ અલગ ટાસ્ક આપી, ૧૬ જેટલા ટ્રાન્જેકશનો મારફતે રૂપિયા ૪૮.૬૩ લાખની માતબર રકમની છેતરપિંડી થયાનું ખુલવા પામ્યું હતું. આમ, ભોગ બનનાર અભિષેકકુમાર દુબે ઓનલાઈન ફ્રોડનો ભોગ બન્યા હોવા અંગેની અરજી જિલ્લા સાયબર સેલ વિભાગને કરવામાં આવી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા જિલ્લાના લોકોને સાયબર ક્રાઈમની માયાજાળમાં ફસાવી અને છેતરપિંડી અને વિશ્વાસઘાત કરતા તત્વો સામે કડક હાથે કામગીરી કરવા અંગેના સંવેદનશીલ અભિગમને ધ્યાને લઈ અને એ.એસ.પી. રાઘવ જૈનના માર્ગદર્શન હેઠળ જિલ્લા સાયબર સેલ વિભાગના પી.આઈ. એ.વાય. બ્લોચની ટીમ દ્વારા આ મુદ્દે ઊંડાણપૂર્વકની સઘન કાર્યવાહી કરવામાં આવી હતી. રૂપિયા ૪૮.૬૩ લાખ જેટલી નોંધપાત્ર રકમની છેતરપિંડી થયાના આ પ્રકરણમાં સાયબર સેલ વિભાગ દ્વારા જે એકાઉન્ટમાં ટ્રાન્ઝેકશન થયા હતા, તે શોધી કાઢી અને આ એકાઉન્ટ ફ્રીઝ કરાવી, ત્યાર બાદની કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થતા ભોગ બનનાર આસામીને રૂપિયા ૪૭ લાખથી વધુ નાણાં તેઓને પરત કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જે બદલ ભોગ બનનાર આસામી દ્વારા સાયબર ક્રાઈમ સેલ વિભાગ સાથે જિલ્લા પોલીસ તંત્રનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# ચેક રીટર્નના કેસમાં આરોપીને એક વર્ષની કેદની સજા ફટકારતી જૂનાગઢ કોર્ટ

જૂનાગઢ તા. ૧૬

ચેક રીટર્ન અંગેના કેસમાં જૂનાગઢની કોર્ટે આરોપીને એક વર્ષની કેદ તથા દંડની સજાનો હુકમ કરેલ છે. આ કેસની વિગત એવી છે કે, જૂનાગઢના રહીશ વિનોદભાઈ નાથાભાઈ કાથરોટીયા પાસેથી આરોપી કાંતીલાલ રામજીભાઈ નાદપરા રહે. જૂનાગઢવાળાએ હાથ ઉછીના રૂા.૭ લાખ લીધા હતા અને તે રકમ ચુકવવા માટે રૂા.૭ લાખનો ચેક વિનોદભાઈને આપેલ હતો. જે ચેક બેંકમાં જમાં કરાવતા ચેક પરત ફરેલ હતો. ત્યારબાદ વિનોદભાઈએ જૂનાગઢની કોર્ટમાં નેગોશીએબલ ઈન્ટ્રુમેન્ટ એકટ હેઠળ કાંતીલાલ નાદપરા સામે ફોજદારી કેસ દાખલ કરતા આ કેસમાં આરોપી કાંતિલાલ નાદપરા હાજર ન રહેતા નામદાર કોર્ટે એકતરફી કેસની સુનાવણી હાથ ધરી ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લઈ આરોપી કાંતીલાલ રામજીભાઈ નાદપરાને એક વર્ષની સાદી કેદ તથા રૂા.૫૦૦૦ દંડ અને દંડ ન ભરે તો વધુ ૩ માસની સાદી કેદ તથા ચેકની રકમ રૂા.૭ લાખ વળતર પેટે ચુકવી આપવા હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી કાંતિલાલ નાદપરા નામદાર કોર્ટમાં હાજર ન હોય જેથી તેની સામે સજા વોરન્ટ કાઢી જીલ્લા પોલીસ અધિક્ષક જૂનાગઢને બજવણી માટે મોકલી આપેલ છે. આ કેસમાં ફરીયાદી વિનોદભાઈ કાથરોટીયા તરફે જૂનાગઢના એડવોકેટ શશીકાંત બોરીચાંગર રોકાયેલા હતા.

# સરદાર પટેલ મહિલા બીએડ કોલેજના અધ્યાપક ગીતાબેન બુટાણી પીએચડી થયા



જૂનાગઢ તા. ૧૬

શ્રી સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ મહિલા બીએડ કોલેજ જૂનાગઢના અધ્યાપક ગીતાબેન જી. બુટાણીએ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી રાજકોટમાં 'સૌરાષ્ટ્રના ઈતિહાસમાં જૂનાગઢના ઈતિહાસકારોનું યોગદાન' વિષય સાથે ઈતિહાસ વિષયમાં પીએચડીની પદવી પ્રાપ્ત કરી છે. આ પીએચડીની પદવી ડો.ધીરૂભાઈ પી. વાળા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મેંદરડાના માર્ગદર્શન નીચે પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના ચેરમેન અને મેનેજીંગ ટ્રસ્ટી જે.કે. ઠેસીયા, મૃણાલીબેન ગોધાણી, સમગ્ર ટ્રસ્ટી ગણ, કેમ્પસ ડાયરેકટર શ્રી રાણપરીયા, શિક્ષણ નિયામક શ્રી પોલરા, કોલેજના પ્રિન્સીપાલ એમ.કે. જોધાણી તથા સમગ્ર સ્ટાફગણે હાર્દિક શુભેચ્છા સાથે અભિનંદન પાઠવેલ છે.

### ગ્રાહક માંગ ઘટવાની આશંકાએ વિશ્વભરમાં મંદી

# ગૂગલે ફરીથી વૈશ્વિક ભરતી ટીમમાંથી કર્મીઓની છટણી શરૂ કરી

નવી દિલ્હી,તા.૧૬

ગ્રાહક માંગ ઘટવાની આશંકાએ વિશ્વભરમાં મંદીનો ઓછાયો ફેલાઈ રહ્યો છે અને ખાસ કરીને કોરોનાકાળ અને બાદમાં ઝડપથી વૃદ્ધિ પામેલા આઈટી સેકટરને ઓટનો સામનો કરવો પડી રહ્યો છે. ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટે ફરી એકવાર વૈશ્વિક ભરતી ટીમમાંથી કર્મચારીઓની છટણી શરુ કરી છે. ઉપરાંત તેને તેની ભરતી પ્રક્રિયાને પણ ધીમે કરી દીધી છે. એક અહેવાલ મુજબ, આ મોટા પ્રમાણમાં થયેલી છટણીનો ભાગ નથી પરંતુ તાજેતરમાં સેંકડો કર્મચારીની છટણી કરવામાં આવી છે. કંપની મુખ્ય ભૂમિકાઓ માટે ભરતી કરવા માટે ટીમના નોંધપાત્ર હિસ્સાને જાળવી રાખશે. આ કવાર્ટરમાં આલ્ફાબેટ એ પ્રથમ નંબર પર આવતી 'બિગ ટેક' કંપની છે જેણે કર્મચારીઓની છટણી કરી છે, જેમાં મેટા, માઈક્રોસોફ્ટ અને એમેઝોન જેવી બીજી મોટી ટેક કંપનીઓએ ૨૦૨૩ ની શરૂઆતમાં મોટા પ્રમાણમાં છટણી કરી હતી.મોટી ટેક જાયન્ટ કંપનીઓમાં આ વર્ષના શરૂઆતથી જ છટણીનો દોર શરુ થયો હતો. ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટે જાન્યુઆરીમાં લગભગ ૧૨,૦૦૦ કર્મચારીઓની છટણી કરી હતી, જેનાથી તેના કર્મચારીઓની સંખ્યામાં ૬ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. એક અહેવાલ મુજબ યુ.એસ.માં છટણી જુલાઈથી ઓગસ્ટ સુધીમાં ત્રણ ગણાથી વધુ અને એક વર્ષ અગાઉ કરતાં લગભગ ચાર ગણી વધી છે. કેટલાક નિષ્ણાતો અનુસાર ૮ સપ્ટેમ્બરના રોજ પૂરા થતા સપ્તાહમાં બેરોજગારી લગભગ ૯ ટકા વધવાની સંભાવના કરી હતી, જે અગાઉના સાત દિવસના સમયગાળાથી ૧૩,૦૦૦ ઘટીને ૨૧૬,૦૦૦ થઈ ગઈ હતી. વિશ્વની ચોથા નંબરની સૌથી મોટી એકાઉન્ટન્સી ફર્મ્સમાંની એક ડેલોઈટ પણ ખર્ચ ઘટાડવા માટે સામૂહિક છટણીની તૈયારી કરી રહી છે. ભરતી પ્રક્રિયાને પણ ધીમે કરી દીધી, કંપની મુખ્ય ભૂમિકાઓ માટે ભરતી કરવા માટે ટીમના નોંધપાત્ર હિસ્સાને જાળવી રાખશે મળતા મીડિયા અહેવાલો અનુસાર, આ કંપનીમાં કેટલીક ભૂમિકાઓ પર રહેલા કર્મચારીઓની છટણી કરવાની તૈયારી ચાલી રહી છે. એક અહેવાલ અનુસાર, કંપનીના કુલ ૨૭,૦૦૦ કર્મચારીઓમાં લગભગ ૩% ઘટાડો થવાનો અંદાજ છે.

# બજારમાં ઘઉંની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરશે

અમદાવાદ, તા.૧૬

ઘઉંના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. વિધાનસભાની ચૂંટણી પહેલા ઘઉંના ભાવમાં થયેલા વધારા બાદ સરકાર એક્શનમાં આવી છે. ભાવમાં ઉછાળાને જોતા કેન્દ્ર સરકારે ઘઉંની સ્ટોક મર્યાદા ૩૦૦૦ ટનથી ઘટાડીને ૨૦૦૦ ટન કરવાની જાહેરાત કરી છે. સરકારના આ નિર્ણયનો તાત્કાલિક અમલ કરવામાં આવ્યો છે. આ નિર્ણયની જાહેરાત કરતા ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ જણાવ્યું હતું કે, તાજેતરના સમયમાં ઘઉંના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને અમે સ્ટોક લિમિટની સમીક્ષા કરી છે અને ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૩થી વેપારીઓ, જથ્થાબંધ વેપારી અને મોટા ચેઈન રિટેલર્સની સ્ટોક લિમિટ ઘટાડીને ૨૦૦૦ ટન કરવામાં આવી છે. ૨,૦૦૦ ટન. અગાઉ, ૧૨ જૂન, ૨૦૨૩ ના રોજ, સરકારે ઘઉંના વેપારીઓ માટે માર્ચ ૨૦૨૪ સુધી ૩,૦૦૦ ટન ઘઉંના સ્ટોકની મર્યાદા લાદી હતી. જે હવે ઘટીને ૨,૦૦૦ ટન થઈ ગયું છે. છેલ્લા એક મહિનામાં વાયદાના વેપારમાં NCDEX પર ઘઉંના ભાવમાં ચાર ટકાનો ઉછાળો આવ્યો છે. ઘઉંની કિંમત વધીને ૨,૫૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે. ખાદ્ય સચિવે કહ્યું કે દેશમાં ઘઉંની પૂરતી ઉપલબ્ધતા છે પરંતુ એવું લાગે છે કે કેટલાક લોકો કૃત્રિમ રીતે ઘઉંની અછત સર્જવાનો પ્રયાસ કરી રહ્યા છે. ખાદ્ય સચિવે કહ્યું કે ઘઉંની આયાત પરનો ટેકસ હટાવવાની સરકારની કોઈ યોજના નથી. તેમણે રશિયાથી ઘઉંની આયાત પર સરકારનું વલણ સ્પષ્ટ કર્યું અને કહ્યું કે હાલમાં સરકાર પાસે આવી કોઈ યોજના નથી.

ખાદ્ય પુરવઠા મંત્રાલયે તેના પ્રકાશનમાં જણાવ્યું હતું કે તમામ ઘઉંનો સંગ્રહ કરતી સંસ્થાઓએ ઘઉંના સ્ટોક લિમિટ પોર્ટલ પર નોંધણી કરાવવી જરૂરી છે અને દર શુક્રવારે તેમને પોર્ટલ પર સ્ટોકની માહિતી પણ પ્રદાન કરવી જરૂરી છે. જે વેપારીઓ આવું નહીં કરે તેમની સામે આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. સરકારે જણાવ્યું હતું કે જે વેપારીઓ પાસે નિયત સ્ટોક મર્યાદા કરતાં વધુ સ્ટોક છે તેમણે નવા ઓર્ડરની સૂચના જારી થયાના ૩૦ દિવસની અંદર નિયત મર્યાદામાં સ્ટોક લાવવાનો રહેશે. દેશમાં ઘઉંની કૃત્રિમ અછત ઊભી ન થાય તે માટે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર સ્ટોક લિમિટ પર નજર રાખવાનું ચાલુ રાખશે.

સરકારે કહ્યું કે કિંમતોને અંકુશમાં રાખવા માટે તે નજીકથી નજર રાખશે અને બજારમાં ઉપલબ્ધતા સુનિશ્ચિત કરશે.

# દિવ્યધામ વલારડી ખાતે અમાવશ્યા દિને દિવ્યભવનનું ભુમિપુજન



## વિશાળ નયનરમ્ય અતિથીભવનનાં નિર્માણ થવાથી દુર દુરથી આવતા ભાવીકોને મળશે સુવિધાઓ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

ગુજરાત રાજ્યનાં અમરેલી જીલ્લાનાં બાબરા તાલુકાથી ૧૧ કીમી દુર વલારડી ગામની પાવનભુમી ઉપર જીવમાત્રના કલ્યાણાઅર્થે માં ભગવતીનું ક્ષેત્રફળ ૬૦,૦૦૦ ચોરસ ફૂટ તથા ૧,૧૧,૦૦૦ ઘનફૂટ સફેદ આરસ પથ્થરથી સુશોભિત ભવ્ય મંદિર નિર્માણ થવા જઈ રહ્યું છે. આ મંદિર પરિસરમાં જ ભાદરવી અમાસનાં પવિત્ર દિવસે શ્રધ્ધાભાવથી ગુજરાતનાં ગામે ગામથી પધારેલ ભાવીકોનાં ધસારાને સમજીને દિવ્યધામ સમિતી દ્વારા એક વીશાળ દિવયભવન રૂપી ઉતારાભવનનું નિર્માણ કરવાની સંકલ્પનાં વ્યક્ત કરવામાં આવી અને આજ દિવસે ભાવીકોનાં હસ્તેજ ઉતારાભવનનું ભુમિપૂજન શાસ્ત્રોક્ત વિધી સાથે સંપન્ન કરવામાં આવ્યું હતું. આજે વાત કરવી છે દિવ્યધામ તિર્થક્ષેત્રનાં ઈતિહાસની તો આજથી આશરે ૩૫૨ વર્ષ પહેલાની આ વાત છે તે સમયમાં ગામ ન હતા નાના નાના નેસડા હતા. સમાન્ય માણસ પાસે અંગ ઢાકવા કપડા ના હતા, મિલકતમાં પોતાના શરીર સિવાય બીજું કઈ ન હતું, ત્યારે અમરેલીની બાબરા તાબાની ભોમકા ઉપર તેમાં દુબળો પાતળો એક પરિવાર વસવાટ કરતો હતો, તે પરિવારમાં એક ત્રણ વર્ષનો નાનો બાળક, જેનું નામ પાતો વઘાસિયા હતો, તે ખુબજ ભક્તિ ભાવ વાળો અને માત્ર ૩ વર્ષની ઉમરમાં માતાજી સાથે વેણે વાતો કરતો, માતાજી પાતાને રોજ કહેતા કે હું તારી કુળની દેવ વેરાઈ છું, તું મને લઈ જા, તું જૂનાગઢના જંગલમાં આવ હું તને પ્રમાણ આપીશ, એક દિવસ પાતો માતાજીને લેવા જાય છે, પોતાના હાથની હથેળીમાં માતાજી જ્યોત સ્વરૂપે પ્રગટ થાય છે, પાતો ચાલતો થાય છે, ત્યારે આકાશમાંથી આકાશ વાણી થાય છે, ઉભો રે પાતા તું મને લઈ તો જાય છે પરંતુ તારા મને પુજશે??? ત્યારે પાતો કહે છે માં મારા તને પુજે કે ના પુજે પણ હું તારો થઈને રહીશ, ત્યાંતો પાતાના હાથમાંથી જ્યોત અદ્રશ્ય થઈ જાય છે અને ફરી આકાશ વાણી થાઈ છે કે હવે જેદિ તારા મારૂ દેવળ બંધાવે તેદી હું જ્યોત સ્વરૂપે પ્રગટ થઈશ પાતો ખુબ દુખી થાય છે. તે જ્યોતને ફરી પાછી લાવવા અઢારેય વરણના પરમાર્થે કામ કરે છે તે લોકોની શેરમાટીની ખોટ પુરી કરે છે બીજાના જીવની રક્ષા કરતાં કરતાં પાતાએ પોતના જીવને ખાંભીએ ખોડી દીધો. પાતાબાપા વઘાસિયાની રણખાંભી આજે પણ જીવંત છે અને દરેક લોકોના મનના ધારેલા બધાજ કામ પૂર્ણ કરે છે અને જુદા જુદા ખોળિયાં ધારણ કરીને કોઈને કોઈ સ્વરૂપે પાતાદાદા દરેકના શ્રધ્ધાભાવ ધરાવનારને ઘરે પ્રગટ થઈ મનોકામના પૂર્ણ કરે છે. મનમાં ભાવ પ્રગટ કરીને પોતાના સાનિધ્ય સુધી બધાને લાવે છે, સમસ્ત વઘાસિયા પરિવાર અને અઢારે ય વરણ એક થઈ ને માતાજીનું દેવળ બંધાવે અને એ દેવળમાં માતાજી જ્યોત રૂપી પ્રગટ થાય અને આ જગતનું કલ્યાણ કરે તેવી પાતાદાદાની ઈચ્છાથી વઘાસિયા પરીવારનાં યુવાનોએ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના વલારડી અને ચમારડી ગામની વચ્ચે રોડ ઉપર જગ્યા ઉપર દિવ્યધામનાં નેજાતળે દિવ્ય મંદિર અને દિવ્ય ઉતારાભવનનું નિર્માણ કરવાની સંકલ્પના વ્યક્ત કરી એ દિશામાં કાર્યારંભ કરવામાં આવ્યો છે. અબાલથી વૃધ્ધ વ્યક્તી મંદિરના નિર્માણમાં કોઈકને કોઈક ભાગ ભજવીને કઈક નવાને નવા સંકલ્પો લઈને મોટું યોગદાન આપી રહ્યા છે, દર વર્ષે વિદેશમાંથી પણ ઘણા લોકો દર્શન કરવા પણ આવે છે. ત્યાં દર વર્ષે એક વખત ભેગા મળીને એક મોટો એવો કાર્યક્રમનું આયોજન પણ કરે છે જેથી બધાના વિચારો એક થાઈ છે ત્યારે કઈક નવું નિર્માણ થઈ છે અને સમરસ સમાજનું નિર્માણ થઈ શકે તે હેતુ યુવાનોમાં રહેલી સુશુપ્ત શક્તિને નિખારવા વલારડી ગામ ખાતે ભારતભરનો વઘાસીયા પરીવાર એક સાથે, એક સમયે, સંગઠીત થયો છે. એક વિચાર એક ધ્યેય એક પથના પથીક બની સહ જીવનની ભાવનાથી ભેગા મળી સુંદર આયોજન કરી પાતાદાદાની રણખાંભીની પ્રતીકૃતિ સાથે એક રથ ગુજરાતનાં ગામડે ગામડે પહોંચીમાં વેરાઈનાં નુતનમંદિર નિર્માણકાર્ય સાથે ભાવીકો સહભાગીતા વ્યક્ત કરે અને માં વેરાઈના સૌને આશિષ સાંપડે એ ભાવ સાથેનો દિવ્યરથ ભ્રમણ કરી રહ્યો છે.

આગામી કાર્તિકી અગિયારસે આ રથ ગિરનારની પાવનભુમિ ભવનાથખાતે આવી પહોંચતા અહીં ત્રણ દિવસમાં વેરાઈને યજ્ઞ યજ્ઞાદી દ્વારા આહવાન કરવામાં આવશે. વલારડી ખાતે આકાર લઈ રહેલા નુતન મંદિર અને દિવ્યભવનનાં ભુમિપુજન પ્રસંગે સૌ પરિજનો અને બહેનોએ ભુમિપુજન કરી પિતૃમોક્ષાર્થે જળ અર્પણ કરી દિવ્ય મનોકામનાંઓ વ્યક્ત કરી હતી.

# ભેંસાણની સરકારી વિનયન કોલેજમાં પ્લેસમેન્ટ ડ્રાઈવ



(પ્રતિનિધી દ્વારા)

ભેસાણ તા.૧૬

તરીખ ૧૫-૯-૨૦૨૩ ના રોજ ઉચ્ચ કમિનરશ્રીની કચેરી શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર અને કે.સી.જી અમદાવાદ અંતર્ગત સરકારી વિનયન કોલેજ ભેંસાણ મુકામે કોલેજના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રોજગારીની તકો પુરી પાડવા સપ્ટેમ્બર ૨૦૨૩ કોલેજ કક્ષાની પ્લેસમેન્ટ ડ્રાઈવ યોજાઈ. જેમાં કોલેજ કક્ષાના પ્લેસમેન્ટ સેલના નોડલ ઓફીસર પ્રો.ડો.સચિન જે.પીઠડીયા સાહેબે જણાવેલ કે આ જોબફેર માં ભેંસાણમાં આવેલી શ્રી રઘુરામ કૃપા સ્ટીલ અને હૂડ કંપની પ્લેસમેન્ટ માટે બોલાવામાં આવેલ હતી.જેમાં ઈન્ટરીયૂ પેનલમાં રઘુરામ કૃપા કંપની ના પ્રિતિનીધી જયેશ ભાઈ રાઠોડ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા આ ઉપરાત દિલીપ ગજેરાસર ,નિતીન ગજેરા સર ગુરનાણી સર જોડયા હતા. જેઓએ કોલેજના અભ્યાસ કરતા સેમેસ્ટર ૫ ના અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઈન્ટરીયુ લીધા હતા. આ ઈન્ટરીયુ માં ગ્રામીણ વિસ્તારનાં વિદ્યાર્થીઓની કૌશલ્યની ખરી કસોટી થઈ હતી.ગ્રામીણ યુવાનો કંપનીઓ માં કામ કરવા ની તક પુરી પાડી હતી.

આ પ્લેસમેન્ટ ડ્રાઈવ માં કોલેજના હિરપરા ઈસા એ એકાઉન્ટિંગ તરીકે અને લલીત ખુમાણ લેબર આસિસ્ટન્ટ પોસ્ટ માં પસંદગી પામતા જોબ લેટર આપ્યા હતા. આ તકે આચાર્ય પાઠક સર, ઈન ચાર્જ આચાર્ય સરોજ મેડમ અને સમગ્ર સ્ટાફના અધ્યાપકોના માર્ગદશન હેઠળ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ જોડાવા ઉત્સાહ વધાર્યો હતો.

# કેશોદના શરદચોક વિસ્તારમાં પડયા રહેતાં ભારે વાહનો સામે પગલાં ભરવા માંગ

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૬

કેશોદ શહેરનાં ચાર ચોક વિસ્તારમાં અંડરબ્રીજનું કામ ચાલુ હોય ત્યારે વાહનોને અવરજવર માટે જુનાગઢ જીલ્લા કલેકટર કચેરી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી ડાયર્વઝન જાહેર કરવામાં આવ્યું છે ત્યારે કેશોદ શહેરનાં શરદચોક વિસ્તારમાં આવેલ વૈષ્ણવ સંપ્રદાયની હવેલી સામે અને લોહાણા મહાજન વાડી સામે તાલુકા શાળાનાં કંપાઉન્ડ વોલ પાસે પડી રહેતાં ભારે વાહનોને કારણે સામસામે વાહનો આવી જતાં ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે ત્યારે કેશોદ હિતરક્ષક સમિતિના કન્વીનર રાજુભાઈ પંડ્યાએ લેખિતમાં કેશોદ પોલીસ સ્ટેશન અને નગરપાલિકા કચેરીમાં રજુઆત કરી માંગ કરી છે કે કાયમી ધોરણે રસ્તામાં અડચણરૂપ ભારે વાહનો દુર કરવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. કેશોદના મધ્યે પસાર થતાં જુનાગઢ વેરાવળ હાઈવે રોડ ખોદકામ શરૂ કરવામાં આવનાર હોય અને આવનારાં દિવસોમાં ગણેશોત્સવ, નવરાત્રી મહોત્સવ, દિવાળી નાં તહેવારો અને પરિક્રમા ને કારણે ટ્રાફિક વધવાની સંભાવના છે ત્યારે કેશોદ શહેરના શરદચોક વિસ્તારમાં હવેલી સામે અને લોહાણા મહાજન વાડી આસપાસ પડી રહેતાં ભારે વાહનો કાયમી ધોરણે દુર કરવા માંગ કરી છે. કેશોદ પોલીસ અને કેશોદ નગરપાલિકા દ્વારા વાહનચાલકો નાં હિતમાં હકારાત્મક અભિગમ અપનાવવામાં આવશે કે કેમ એ તો આવનારાં દિવસોમાં ખબર પડશે.

## સોમનાથ મહાદેવ મંદિરે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે વિશેષ મહાપૂજા, મંત્ર જાપ, દિવ્ય શણગાર

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૬

ભારતના વડાપ્રધાન અને વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્ર મોદીનો આવતીકાલ તા.૧૭ સપ્ટેમ્બરના રવિવારના રોજ જન્મદિવસ હોય સોમનાથ મહાદેવ મંદિરે વિશેષ મહાપૂજા, માર્કન્ડેય પૂજા, રૂદ્રાભિષેક સાથે પૂજા કરી તેમના આરોગ્ય અને દીર્ઘાયુષ્ય માટે સોમનાથ મંદિર ટ્રસ્ટ સ્થાનિક રીતે મનાવશે અને ટ્રસ્ટ પરિવાર તરફથી તેમને શુભેચ્છા આપવામાં આવશે. સાંજે દિવ્ય શણગાર પણ યોજાય તેવી શકયતા છે.

આવતીકાલે નરેન્દ્ર મોદીના જન્મ દિવસે ગીર સોમનાથ જીલ્લાનાં અનેક લોકો દ્વારા પણ શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **પ્રકાશભાઈ ધીરૂભાઈ જેઠવા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **પ્રકાશ ધીરજલાલ જેઠવા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**પ્રકાશ ધીરજલાલ જેઠવા**

ધ્યાનમ પ્રજાપતિ સોસાયટી, એબીએચએસ સ્કુલ સામે, વેરાવળ - ગીર સોમનાથ - ૩૬૨૨૬૫

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **કીરેનબેન પ્રકાશભાઈ જેઠવા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **કીરણબેન પ્રકાશ જેઠવા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**કીરણબેન પ્રકાશ જેઠવા**

ધ્યાનમ પ્રજાપતિ સોસાયટી, એબીએચએસ સ્કુલ સામે, વેરાવળ - ગીર સોમનાથ - ૩૬૨૨૬૫

## નામ બદલાવેલ છે

અમે અમે નીચે સહી કરનારા પ્રકાશ ધીરજલાલ જેઠવા અને કિરણબેન પ્રકાશ જેઠવાએ અમારા બાળકનું નામ **ધ્યાનમ પ્રકાશભાઈ જેઠવા** માંથી બદલીને નવું નામ **ધ્યાનમ પ્રકાશ જેઠવા** રાખ્યું છે, હવેથી અમારા બાળકને નવા નામથી ઓળખવામાં આવશે.

: સરનામું :

**ધ્યાનમ પ્રકાશ જેઠવા**

ધ્યાનમ પ્રજાપતિ સોસાયટી, એબીએચએસ સ્કુલ સામે, વેરાવળ - ગીર સોમનાથ - ૩૬૨૨૬૫

**-: જાહેર નોટીસ :-**

મામલતદાર, વંથલીની કોર્ટમાં, કોર્ટ રોડ, મુ.વંથલી

નં.જન્મ-મરણ/નોંધણી કેસ નં.૧૮/૨૦૨૩

શ્રી લીંબાસીયા રતીલાલ મુળજીભાઈ
મુ.જૂનાગઢ, વિરાટ, બ્રહમા કોલોની, ઝાંઝરડા રોડ,
જૂનાગઢ ...અરજદાર

**વિષય : જન્મ-મરણ અધિનીયમની કલમ ૧૩(૩)મુજબ જન્મની નોંધ અંગેનો હુકમ કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર દ્વારા કરવામાં આવેલ રજુઆત અન્વયે પોતાના નાના બહેન મંજુલાબેન મુળજીભાઈ લીંબાસીયાની જન્મની નોંધ(જન્મ તા.૨૦/૦૬/૧૯૬૦) નગરપાલીકા-વંથલીમાં થયેલ ન હોય, નગરપાલીકા-વંથલીનાં જન્મ રજીસ્ટરમાં નોંધ કરી આપવા હુકમ થવા અત્રેને અરજી કરેલ છે. આ અરજી અંગે કોઈપણ વ્યકિતને વાંધો કે તકરાર હોય તો તેણે જાતે અથવા તેના કુલ મુખત્યાર કે વકીલ મારફતે તા.૧૯/૧૦/૨૦૨૩નાં રોજ બપોરના ૧૬:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં હાજર રહેશો. જેમાં કસુર થયેથી કોઈ વ્યકિતને કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવું માની આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ : ૧૫, માહે : સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

સ્થળ : વંથલી
તારીખ : ૧૫/૦૯/૨૦૨૩

મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
વંથલી

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **ઉનતિ પ્રકાશ જેઠવા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **ઉન્નતિ પ્રકાશ જેઠવા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**ઉન્નતિ પ્રકાશ જેઠવા**

ધ્યાનમ પ્રજાપતિ સોસાયટી, એબીએચએસ સ્કુલ સામે, વેરાવળ - ગીર સોમનાથ - ૩૬૨૨૬૫

ગુજરાત સરકાર,જળ સંપતિ વિભાગ.

ઇ-પ્રોકયુરમેન્ટ નોટીસ નં. ૧૩ ઓફ ૨૦૨૩-૨૪

કામનું નામઃ- ઓઝત-૨ સિંચાઇ યોજના. વેરીયસ રીપેરીંગ વર્ક ઓફ એલ.બી.એમ.સી. એન્ડ ઇટસ ડીસ્ટ્રીબ્યુટરી કેનાલ ઓફ ઓઝત-૨ વોટર રીસોર્સીસ પ્રોજેક્ટ.

૧)અંદાજીત રકમ રૂ.૮૮૮૧૩૩.૭૯ (૨) ઓન લાઇન ટેન્ડર મુકવાની તા.૨૫/૦૯/૨૦૨૩ (૩) ટેન્ડરના ફીઝીકલ ડોક્યુમેન્ટ સ્વીકારવાની તા.૨૬/૦૯/૨૦૨૩ થી ૦૩/૧૦/૨૦૨૩ સમય ૧૭.૦૦ કલાક સુધી (૪) ઠેકેદારશ્રીનો વર્ગ ઇ-૨ અને ઉપર (૫) કામની સમય મર્યાદા ૧૧ (અગીયાર) માસ

સંબંધિત કા.ઇ.નું નામ - સરનામું ફોન નં. કાર્યપાલક ઇજનેર, જુનાગઢ સિંચાઇ યોજના વિભાગ, ૨/૩ બહુમાળી ભવન, સરદારબાગ પાસે, જુનાગઢ-૩૬૨૦૦૧.ફોન નં.(૦૨૮૫)૨૬૩૦૩૨૯.

વધુ વિગતો www.nwr.nprocure.com & www.statetenders.gujarat.gov.in પર જોઇ શકાશે.(નોંધઃ- હવે પછીના કોઇપણ સુધારાઓ હશે તે www.nwr.nprocure.com સાઇટ પર ઓનલાઇન સીધા કરવામાં આવશે.)

માહિતી/જૂના/૬૦૩/૨૦૨૩

## ઓલ ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ નર્સીંગ કોન્સોર્ટીયમ

પ્રથમ વર્ષ નર્સીંગ G.N.M. (૩ વર્ષ) અને A.N.M. (૨ વર્ષ) કોર્ષ ૨૦૨૩-૨૪માં મેનેજમેન્ટ કવોટા સીટમાં પ્રવેશ

એડમીશન કમિટી ફોર ગુજરાત પ્રોફેશનલ નર્સીંગ એન્ડ એલાઈડ મેડીકલ એજ્યુકેશનલ કોર્ષીસ ગાંધીનગર, ગર્વમેન્ટ ઓફ ગુજરાતની માર્ગદર્શીકા પ્રમાણે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રથમ વર્ષ G.N.M. તથા પ્રથમ વર્ષ A.N.M. મેનેજમેન્ટ કવોટા (૨૫%) સીટોમાં પ્રવેશ માટે ઓનલાઈન પ્રક્રિયા માટેની જાહેરાત

**પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોનું એડમીશન કમીટી દ્વારા પ્રસિધ્ધ થયેલ મેરીટ લીસ્ટમાં નામ હોવું જરૂરી છે**

| ક્રમ | વિગત | તારીખ અને સમય થી | તારીખ અને સમય સુધી |
|---|---|---|---|
| ૧ | મેનેજમેન્ટ કવોટા ઓનલાઈન રજીસ્ટ્રેશન માટેની તારીખ | ૧૬-૦૯-૨૦૨૩ સવારના ૧૦.૦૦ થી | ૧૯-૦૯-૨૦૨૩ સાંજે ૪.૦૦ સુધી |
| ૨ | મેનેજમેન્ટ કવોટા મેરીટ વેબસાઇટ પર જોવા માટેની તારીખ | ૨૦-૦૯-૨૦૨૩ સવારે ૧૧.૦૦ કલાકે | |
| ૩ | ઓનલાઈન ચોઈસ ફીલીંગ માટેની તારીખ | ૨૦-૦૯-૨૦૨૩ સવારના ૧૦.૦૦ થી | ૨૧-૦૯-૨૦૨૩ સાંજે ૪.૦૦ સુધી |
| ૪ | રજીસ્ટ્રેશન અને ચોઈસ ફીલીંગ કરેલ ઉમેદવારની વિગત એડમીશન કમિટીમાં ચકાસણી માટે મોકલવાની તારીખ | ૨૧-૦૯-૨૦૨૩ સાંજે ૪.૦૦ | |
| ૫ | મેનેજમેન્ટ રાઉન્ડ સીટ ફાળવણીની જાહેરાતની તારીખ | ૨૨-૦૯-૨૦૨૩ સાંજે ૪.૦૦ કલાક સુધી | |
| ૬ | મળેલ પ્રવેશ સંસ્થામાં રીપોર્ટીંગ અને અસલ પ્રમાણપત્રો જમા કરવા અને પ્રવેશ કન્ફર્મ કરાવવાની તારીખ | ૨૩-૦૯-૨૦૨૩ સવારના ૧૦.૦૦ થી | ૨૭-૦૯-૨૦૨૩ સાંજે ૪.૦૦ સુધી |

- ✦ એડમીશન કમીટી માર્ગદર્શિકા મુજબ જે સંસ્થા મેનેજમેન્ટ કવોટા સીટ ધરાવે છે તે સંસ્થાની વિગત છે તે www.nursingconsortium.in વેબસાઈટ ઉપર મુકેલ છે.
- ✦ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત છે. કોન્સોર્ટિયમ વેબસાઈટમાં દર્શાવેલ ANM/GNM ની સંસ્થામાં રજીસ્ટ્રેશન સ્લીપ લઈને રૂા.૫૦૦૦/- રજીસ્ટ્રેશન ફી આપીને રજીસ્ટ્રેશન કન્ફર્મ કરાવવાનું રહેશે.
- ✦ એડમીશન કમિટી C/o. જીએમઆરઈએસ મેડીકલ કોલેજ, ગાંધીનગર થી પણ રજીસ્ટ્રેશન ફી ભરીને રજીસ્ટ્રેશન કરી શકાશે.
- ✦ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારે પ્રવેશ પ્રક્રિયા અંગે રોજબરોજની માહિતી ઉપર જણાવેલ કોન્સોર્ટિયમની વેબસાઈટ જોતા રહેવા વિનંતી.
- ✦ પ્રવેશ પ્રક્રિયામાં એડમીશન કમીટી દ્વારા સમાવેશ થયેલ સંસ્થાઓમાં જ મેનેજમેન્ટ કવોટાની સીટો ફાળવવામાં આવશે.

**www.nursingconsortium.in**

## જુનાગઢ મહાનગરપાલિકા, જુનાગઢ

### સીધી ભરતી અંગેની જાહેરાત - ૨૦૨૩

નં.મ.ન.પા.જુ./એડીએમ/મહેકમ/અર્બન-હેલ્થ/સીધી-ભરતી/૬૬૯/૨૦૨૩ તા.૧૫/૦૯/૨૦૨૩

જુનાગઢ મહાનગરપાલિકામાં U-PHC અને U-CHC માં નીચે જણાવેલ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે નિયત નમુનામાં જુનાગઢ મહાનગરપાલિકાની વેબસાઇટ દ્વારા માત્ર ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://junagadhmunicipal.org/ વેબસાઇટ પર તા.૧૮/૦૯/૨૦૨૩, ૧૪-૦૦ કલાક થી તા.૧૭/૧૦/૨૦૨૩, રાત્રીના ૨૩-૫૯ કલાક સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

| જા. ક્રમાંક | જગ્યાનું નામ | ભરવાપાત્ર કુલ જગ્યા | બિન અનામત સામાન્ય | બિન અનામત સ્ત્રી | સા.શૈ.પ.વર્ગ સામાન્ય | સા.શૈ.પ.વર્ગ સ્ત્રી | અનુ. જાતિ સામાન્ય | અનુ. જાતિ સ્ત્રી | અનુ. જનજાતિ સામાન્ય | અનુ. જનજાતિ સ્ત્રી | આ.ન.વ. સામાન્ય | આ.ન.વ. સ્ત્રી | માજી સૈનિક | દિવ્યાંગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ફાર્માસીસ્ટ,વર્ગ-૩ | ૮ | ૪ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨ | લેબ ટેકનિશ્યન, વર્ગ-૩ | ૯ | ૫ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૩ | એક્સ-રે ટેકનિશ્યન, વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | સ્ટાફ નર્સ,વર્ગ-૩ | ૭ | ૪ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૫ | ફિમેલ હેલ્થ વર્કર,વર્ગ-૩ | ૩૨ | ૦ | ૧૫ | ૦ | ૮ | ૦ | ૨ | ૦ | ૪ | ૦ | ૩ | ૩ | ૨ |
| ૬ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (મેલ), વર્ગ-૩ | ૩૨ | ૧૫ | ૦ | ૮ | ૦ | ૨ | ૦ | ૪ | ૦ | ૩ | ૦ | ૩ | ૨ |
| | કુલ - | ૮૯ | ૨૯ | ૧૮ | ૧૩ | ૮ | ૨ | ૨ | ૭ | ૪ | ૩ | ૩ | ૬ | ૭ |

શરતોઃ -

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલથી કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફકત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગારધોરણ તેમજ અન્ય માહિતીઓ OJAS વેબસાઇટ https://junagadhmunicipal.org/ પરથી મેળવવાની રહેશે. (૩) ઉમેદવારે નિયત થયેલ ફી તા.૧૭/૧૦/૨૦૨૩, ૨૩-૫૯ કલાક સુધીમાં ઓનલાઇન ભરપાઇ કરવાની રહેશે. ફી વગરની અરજીઓ આપોઆપ નામંજુર ગણવામાં આવશે. (૪) આ ભરતી પ્રક્રિયા બાબતે પસંદગી સમિતિ દ્વારા જરૂર જણાય તો મેરિટ આધારીત શોર્ટ લિસ્ટેડ થયેલ ઉમેદવારોને જ ફકત પ્રથમ તબ્બકે ફિઝીકલ ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં બોલાવવામાં આવશે. (૫) સરકારશ્રીના નિતિ નિયમો અનુસાર અનામત કક્ષાના ઉમેદવારોને ઉમરમાં છુટછાટ આપવામાં આવશે. (૬) સરકારશ્રીના નીતિ નિયમોનુસાર SC, ST, SEBC, મહિલા અનામત, દિવ્યાંગ, માજી સૈનિક, E.W.S. વિગેરે માટે જગ્યાઓ અનામત રાખવામાં આવશે. તથા માજી સૈનિક તથા દિવ્યાંગ માટેની જગ્યાઓ જે-તે કેટેગરીમાં સમાવેશ કરવામાં આવશે. (૭) આ જગ્યાઓ સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ મુદતી જગ્યાઓ છે, આ જગ્યાઓનું કોઇપણ પ્રકારના ભારણ અંગે મહાનગરપાલિકાની કોઇપણ જવાબદારી રહેશે નહી. (૮) વધુ વિગતો માટે જુનાગઢ મહાનગરપાલિકાની વેબસાઇટ https://junagadhmunicipal.org/ પરથી જાણકારી મેળવી લેવી. (૯) આ ભરતી પ્રક્રિયા બાબતે કમિશનરશ્રી, જુનાગઢ મહાનગરપાલિકા, જુનાગઢ જે નિર્ણય કરે તે આખરી અને દરેકને બંધનકર્તા રહેશે.

ફોર્મ ભરવાના સંદર્ભમાં ઉમેદવારો માટેના હેલ્પલાઇન નં.8929013101

ઇ-મેલ- હેલ્પલાઇનઃ support@registernow.in રહેશે.

તા.૧૫/૦૯/૨૦૨૩

સ્થળઃ - જુનાગઢ

- સહી -
મ્યુનિસિપલ કમિશનર
મહાનગરપાલિકા, જુનાગઢ

માહિતી/જૂના/૫૯૫/૨૦૨૩

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ગણપતિ ઉત્સવ ઉજવવા તડામાર તૈયારી : ભારે ઉત્સાહ

## બજારોમાં ભગવાન ગણેશજીની આકર્ષક અને રંગબેરંગી મૂર્તિઓનું થઈ રહેલ વેંચાણ







(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાં વિઘ્નહર્તા દેવ ભગવાન ગણેશજીના ઉત્સવ ગણપતિ ઉત્સવને દર વર્ષની જેમ આ વર્ષે પણ ખુબ જ ઉત્સાહ, ઉમંગભેર અને ભાવભેર ઉજવવા માટે તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે અને લોકોમાં ભારે ઉત્સાહ પ્રર્વિતી રહ્યો છે. દેવાધીદેવ ભગવાન શીવજીના આરાધનાનો મહિમા વર્ણવતા શ્રાવણ માસની પુર્ણાહુતી થતાની સાથે ભાદરવી અમાસની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી અને દામોદર કુંડ સહિતના તીર્થ સ્થાનોએ ભાવિકોએ પોતાના સ્વજનોના આત્માના કલ્યાણ અર્થે પીતૃ તર્પણ વિધીના કાર્યક્રમો યોજયા હતા અને હવે વિઘ્નહર્તા ભગવાન ગણેશજીની સવારી આવી પહોંચનાર હોય ત્યારે રિધ્ધીસિધ્ધીના દાતા અને વિઘ્નહર્તા દેવને આવકારવા તેમજ ગણપતિ ઉત્સવને મનાવવા ભારે ઉત્સાહ પ્રર્વિતી રહેલ છે. આગામી તા.૧૯-૯-૨૦૨૩ ગણેશ ચતુર્થીના દિવસથી ગણપતિ ઉત્સવનો પ્રારંભ થશે અને તા.૨૩-૯-૨૦૨૩ શનિવારના રોજ ગણપતિ ઉત્સવની પુર્ણાહુતી થશે. રિધ્ધીસિધ્ધીના દેવને કાલાવાલા અને પૂજન, અર્ચન, આરતી સહિતના કાર્યક્રમો સાથે ગણપતિ ઉત્સવની ઉજવણી માટે સમગ્ર સૌરાષ્ટ્રમાં ભારે ઉત્સાહ પ્રર્વિતી રહ્યો છે. ગણપતિ ઉત્સવ ખાસ કરીને મહારાષ્ટ્રમાં ધામધુમથી મનાવવામાં આવતો હોય પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાતમાં પણ ગણપતિ ઉત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવે છે. જૂનાગઢ શહેરમાં પણ ઠેર-ઠેર પંડાલો ઉભા કરીને અને ગણપતિ ઉત્સવ ઉજવવામાં આવે છે. ગણપતિ ઉત્સવની ઉજવણીના આગમનને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે જૂનાગઢ શહેરના વિવિધ વિસ્તારોમાં ભગવાન ગણેશજીની આર્ટીશો દ્વારા તૈયાર કરવામાં આવેલી મૂર્તિનું વેંચાણ કરવામાં આવી રહ્યું છે.

# જૂનાગઢની ભાગોળેથી ૧.૭૧ લાખના મેફેડ્રોન ડ્રગ્ઝ સાથે ૩ની ધરપકડ, ૧ ફરાર



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૬

જૂનાગઢની ઝાંઝરડા ચોકડી પાસે બેલાના પીઠા પાસે કારમાં મેફેડ્રોન ડ્રગ્ઝ સપ્લાય કરવા આવેલા બે અને રીસીવ કરનાર મળી કુલ ૩ શખ્સોને પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે તેઓ પાસેથી રૂા.૧.૭૧ લાખની કિંમતનો ૧૭ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્ઝનો જથ્થો ઝડપી લીધો હતો. જૂનાગઢના બે શખ્સો ઝાંઝરડા ચોકડી પાસે આવેલા બેલાના પીઠા પાસે એક શખ્સને રાત્રિના સમયે ડ્રગ્ઝની ડિલીવરી આપવા આવવાના હોવાની બાતમી એસઓજીના એએસઆઈ મહેન્દ્રભાઈ વાલાભાઈ કુવાડીયા અને હેડ કોન્સટેબલ અનિરૂદ્ધભાઈ ચાંપરાજભાઈ વાંકને મળી હતી. આથી તેઓએ એસપી હર્ષદ મહેતાને જાણ કરતાં તેમની સુચનાથી પંચને સાથે રાખી એસઓજીના પીઆઈ એ.એમ.ગોહિલ વગેરેએ ગત તા.૧૪ સપ્ટે. ૨૦૨૩ના રોજ રાત્રે ૧૨:૨૦ વાગ્યે વોચ ગોઠવી હતી. પોલીસ બેલાની ટ્રકો પાસે અંધારામાં છૂપાઈ ગઈ હતી. દરમ્યાન એક શખ્સે ચાલતા આવી બેલાના પીઠા પાસે ઉભા રહી કોઈને ફોન કર્યો હતો. આથી થોડીજ વારમાં ધોરાજી બાયપાસ તરફથી એક કાર આવીને ઉભી રહી હતી. એક શખ્સ કારનો દરવાજો ખોલી કોઈક વસ્તુ ઉભેલા શખ્સને આપી હતી. તેણે એ વસ્તુ લઈ ખીસ્સામાં રાખી હતી. એજ વખતે પોલીસના માણસો ઈશારો થતાંજ આવી પહોંચ્યા હતા. અને કારને કોર્ડન કરી ચાવી કાઢી ઝડતી લીધી હતી. જેમાં તેઓ પાસેથી રૂા.૧,૭૧,૦૦૦ની કિંમતની મેફેડ્રોન ડ્રગ્ઝની ૧૬ પડીકીઓમાં રાખેલું ૧૭.૧ ગ્રામ ડ્રગ્ઝ મળી આવ્યું હતું. પકડાયેલા શખ્સોએ પોતાના નામો હર્ષ જયેશભાઈ અરોરા (રે. ગાંધીગ્રામ પોસ્ટ ઓફિસની બાજુમાં, જૂનાગઢ), વિરાજ મનોજભાઈ વાઘેલા (રે. દિપાંજલી-૨, પ્રમુખનગર, જૂનાગઢ) અને મંથન દિલીપકુમાર વ્યાસ (રે. રાજ ટેનામેન્ટ, બ્લોક નં. ૪૭, શેરી નં. ૩, એક્તા પાનવાળી ગલી, ઝાંઝરડા રોડ, જૂનાગઢ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે પકડાયેલા શખ્સોની પુછપરછ કરતાં મંથને ડ્રગ્ઝ નશો કરવા માટે ૨ કોથળી વિરાજ પાસેથી લીધી હતી. વિરાજે ૮ કોથળી હર્ષ પાસેથી લીધી હતી. અને હર્ષે એ ડ્રગ્ઝ અમદાવાદના દર્શન અશોકભાઈ પારેખ પાસેથી લીધું હતું. પોલીસે ત્રણેયની ધરપકડ કરવા સાથે ગુનો નોંધ્યો છે. અને અમદાવાદથી દર્શન પારેખને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# જૂનાગઢ સહિત જીલ્લામાં જુગાર અંગે વ્યાપક દરોડા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ સહિત જીલ્લામાં ગઈકાલે જુગારની બદી સામે પોલીસે ઘોસ બોલાવી અને ઠેર-ઠેર જુગાર અંગે દરોડા પાડયા હતા અને જુગાર રમતી મહિલાઓ સહિત અનેક જુગારીઓને ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. દરમ્યાન જૂનાગઢ શહેર અને જીલ્લામાં વિવિધ સ્થળોએ પોલીસે પાડેલા જુગાર દરોડા ઉપર એક નજર નાખીએ તો સી ડીવીઝન પોલીસે ગઈકાલે ટીંબાવાડી, તીરૂમાલા કોમ્પ્લેક્ષ નીચે, પાર્કિંગમાં જાહેરમાં જુગાર રમતી ૧૧ મહિલાઓને રૂા.૧૩,૬૭૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત ત્રણ સ્થળોએ જુગાર દરોડા પડાયા છે. જેમાં બી ડીવીઝન પોલીસે જોષીપરા, માધવ એપાર્ટમેન્ટી પાછળ, ગણેશનગર, ચામુંડા ફ્લોર મીલ પાસે સ્ટ્રીટલાઈટના અજવાળે જુગાર રમતા નવ શખ્સોને રૂા.૧૦,૪૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે બી ડીવીઝન પોલીસે કાળવા ચોક, લીબટી ગલી જાહેરમાં રોડ ઉપર વરલી મટકાના જુગાર અંગે હિરેન ઈશ્વરભાઈ પંડયાને રૂા.૯૨૦ની રોકડ સહિત ૫૯૨૦ના મુદ્દામાલ સાથે વરલી મટકાના જુગાર અંગે ઝડપી લીધેલ છે. જયારે બી ડીવીઝન પોલીસે કાળવા ચોક લીબટી ગલી જાહેરમાં વરલીના મટકાના જુગાર અંગે હનીફ સીદીકભાઈ સોઢાને રોકડ રૂા.૨૭૧૦ મળી કુલ રૂા.૫૯૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. આ ઉપરાંત જૂનાગઢ જીલ્લા વિવિધ સ્થળોએ પાડવામાં આવેલા જુગાર દરોડામાં કેશોદ તાલુકાના મેસવાણ ગામે વાડી વિસ્તારમાં આવેલ રાકેશભાઈ વસરામભાઈ હીંગરાજીયાની કબ્જા ભોગવટાની ઓરડીમાં જુગાર અંગે દરોડો પાડતા આઠ શખ્સનો કુલ રૂા.૪૮,૧૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે કેશોદ પોલીસે અમૃતનગર મેઈન રોડ, ઘનશ્યામ એપાર્ટમેન્ટ, બ્લોક નં-૧૨ અબ્દુલભાઈ કાસમભાઈ અબડાના રહેણાંક મકાને જુગાર અંગે દરોડા પાડતા છ શખ્સોને કુલ રૂા.૨૮,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. આ ઉપરાંત કેશોદ તાલુકાના શેરગઢ ગામે પોલીસે જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા આઠ શખ્સોને રૂા.૪૩,૪૧૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. જયારે મેંદરડા પોલીસે નાગલપુર ગામની ભાલીયા સીમમાં ઓઝત નદીના કાંઠે જાહેરમાં જુગાર રમતા ૧૧ શખ્સોને રૂા.૧૮,૦૪૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. જયારે વિસાવદર પોલીસે જાંબુડી ગામથી જાનવડલા સીમ તરફ જતા રસ્તા ઉપરથી જાહેરમાં જુગાર રમતા નવ શખ્સોને કુલ રૂા.૨,૪૯,૪૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે વંથલી પોલીસે નવાગામની વીડી સીમમાં વસંતભાઈ જેન્તીલાલના કબ્જાભોગવટાની વાડીએ ઓરડીમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડતા હોવાની બાતમીના આધારે વંથલી પોલીસે જુગાર અંગે દરોડો પાડતા સાત શખ્સોને કુલ રૂા.૧,૩૫,૨૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. આ ઉપરાંત માણાવદર તાલુકાના ભીંડોરા ગામેથી જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને પોલીસે કુલ રૂા.૧૧,૨૩૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે માંગરોળ મરીન પોલીસે શીલબારા નજીક એક પ્લોટમાં જાહેરમાં જુગાર રમતા ૧૩ મહિલા સહિત ૧૯ને કુલ રૂા.૪૨,૩૬૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લઈ તમામ સામે જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# કેશોદના કોયલાણા ગામે પત્નીની હત્યા કરનાર પતિને પોલીસે ઝડપી લીધો



(કમલેશ જોષી દ્વારા) કેશોદ તા.૧૬

કેશોદ નજીક આવેલાં કોયલાણા ગામે રહેતા અને ખેતીકામ કરી ગુજરાન ચલાવતાં જીતેન્દ્રસિંહ ઉદુભા રાયજાદાને પોતાની પત્ની સાથે ઘરકંકાસ ચાલતો હોય આજે સાંજના સમયે રકઝક થતાં આવેશમાં આવી જતાં ઘરમાં પડેલી કુહાડી વડે હુમલો કર્યો હતો અને ગભરાઈ જતાં ભાગી છુટયા હતાં. કેશોદ પોલીસ સ્ટેશન કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવતાં કેશોદ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેક્ટર બી. બી. કોળી પોલીસ હેડ કોન્સ્ટેબલ કિરણભાઈ જીવાભાઈ ડાભી. સંજયસિંહ કૃષ્ણસિંહ ઝાલા. રોહિતભાઈ મોહનભાઈ ભંભાણા, દિલીપભાઈ મોરી સહિત પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી જેમાં મૃતક મહિલા અન્નપૂર્ણાબા જીતેન્દ્રસિંહ રાયજાદા ઉંમર વર્ષ ૪૦ નાં નાના ભાઈ વિરેન્દ્રસિંહ નટુભા જાડેજા ઉંમર વર્ષ ૩૫ રહેવાસી દરેડ તાલુકો જીલ્લો જામનગર વાળાએ નોંધાવેલ ફરિયાદ મુજબ અન્નપૂર્ણાબાનાં લગ્ન વર્ષ ૨૦૦૩ માં કોયલાણા મુકામે જીતેન્દ્રસિંહ ઉદુભા રાયજાદા સાથે થયેલા હતાં. મૃતક મહિલા અન્નપૂર્ણાબા જીતેન્દ્રસિંહ રાયજાદા માવતરે આવતાં જતાં ત્યારે જણાવતાં હતાં કે પોતાનો પતિ દારૂ પીને વગર કારણે અવારનવાર મારામારી કરતાં ઉપરાંત શંકા કુશંકા કરી માર મારી ઘરેથી કાઢી મુકતાં હતાં મૃતક મહિલાનાં ભાઈઓ આવી સમજાવી સમાધાન કરી પરત સાસરે મુકી જતાં હતાં અને મૃતક મહિલા અન્નપૂર્ણાબા જીતેન્દ્રસિંહ રાયજાદા મુંગા મોઢે સહન કરતાં હોય અને આર્થિક સંકડામણ ઉભી થાય તો માવતરેથી પૈસા મંગાવી ઘરસંસાર ચલાવી રહ્યાં હતાં.થોડા દિવસો પહેલાં ફરિયાદીનાં ઘરે મકાનનું વાસ્તુ હોય ત્યારે મૃતક મહિલા અન્નપૂર્ણાબા ભાણો પુષ્પરાજ,ભાણી મયુરીબા ગયેલા ત્યારે પણ આરોપી જીતેન્દ્રસિંહ ઉદુભા રાયજાદા શંકાઓ કરી મારઝૂડ કરતો હોવાની વાત કરી હતી છતાં પણ માવતરના લોકોએ સમજાવીને મોકલી આપી હતી. ગઈકાલે સાંજના સમયે બનાવ બન્યા બાદ મૃતક મહિલા અન્નપૂર્ણાબાનાં પતિએ જ ફોન કરી તેમનાં સાળાને જાણ કરી કહ્યું હતું કે તમારી બહેનને મેં મારી નાખેલ છે. સમગ્ર હકીકત કેશોદ પોલીસ વિભાગ નાં ડીવાયએસપી બી. સી. ઠક્કર પોલીસ ઈન્સપેક્ટર બી. બી. કોળીને જણાવી પોતાના જ બનેવી જીતેન્દ્રસિંહ ઉદુભા રાયજાદા વિરુદ્ધ ક્રુર અને ઘાતકી રીતે મરણતોલ માર મારી સ્થળ પર જ મોત નીપજાવેલ છે જે બાબતે ફરિયાદ નોંધાવતા કેશોદ પોલીસ દ્વારા આઈપીસી એકટ ૩૦૨ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને પોતાની જ પત્નીની હત્યા કરનાર પતિને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. કેશોદ પોલીસ દ્વારા આજરોજ પોતાની જ પત્નીની તિક્ષ્ણ હથિયારથી હુમલો કરી મોત નીપજાવનાર પતિ જીતેન્દ્રસિંહ રાયજાદાની કેશોદ પોલીસ દ્વારા ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં શીંદે પરિવાર દ્વારા શ્રી ગણેશ મહોત્સવનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૬

છેલ્લા ૩૪ વર્ષથી ગણેશ મહોત્સવનું આયોજન કરનારા શીંદે પરિવાર દ્વારા આ વર્ષે પણ ગણપતિ ઉત્સવની ઉજવણી કરવામાં આવનાર છે અને શ્રી ગણેશ મહોત્સવનું આયોજન કરેલ છે.

ચિતાખાના ચોક, જનતા દળના ડેલામાં આ ઉત્સવ ઉજવવામાં આવશે. શ્રી ગણેશજીનું સ્થાપન તા.૧૯-૯-૨૦૨૩ મંગળવારે સવારે ૧૧ કલાકે કરવામાં આવશે. સવારે ૯:૩૦ કલાકે અને સાંજે ૮ કલાકે આરતીનો કાર્યક્રમ યોજાશે. જયારે તા.૨૩-૯-૨૦૨૩ શનિવારે સાંજે ૪ કલાકે શ્રી ગણેશ મહોત્સવની પુર્ણાહુતી થશે. શીંદે પરિવાર દ્વારા આયોજીત શ્રી ગણેશ મહોત્સવની જૂનાગઢ જાણીતા ડો. ડી.પી. ચીખલીયા, સરસ્વતી સ્કૂલના પ્રદિપભાઈ ખીમાણી, આલ્ફા હાઈસ્કૂલના જી.પી. કાઠી, નોબલ સ્કૂલના કે.ડી. પંડયા તેમજ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી અભિજીત ઉપાધ્યાય દ્વારા સહયોગ આપવામાં આવી રહ્યો છે. શ્રી ગણેશ મહોત્સવની ઉજવણીનો સૌ ધર્મપ્રેમી જનતાને લાભ લેવા નિમંત્રણ પાઠવેલ છે. શંકરરાવ પી. શીંદે, અનિલભાઈ એલ. શીંદે, એડવોકેટ-નોટરી સુનિલ એલ. શીંદે, રાજેશભાઈ શીંદે, પ્રદિપભાઈ શીંદે અને કપીલભાઈ શીંદે તેમજ શીંદે પરિવાર દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવમાં આવી રહી છે.

# જૂનાગઢ : ચેક રિટર્નના કેસમાં આરોપીને એક વર્ષની સજા ફટકારતી કોર્ટ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૬

જૂનાગઢની નામદાર કોર્ટએ નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટના ગુન્હામાં ચેક આપનારને એક વર્ષની સજા ફટકારવામાં આવી છે. ઉપરાંત ફરિયાદીને ચેકની રકમ રૂપિયા ૭ લાખ વળતર પેટે ચુકવવા આદેશ કરવામાં આવ્યો છે. આ અંગે મળતી વિગત અનુસાર જૂનાગઢના રહે. વિનોદભાઈ નાથાભાઈ કાથરોટીયા પાસેથી આ કામના આરોપી કાંતીલાલ રામજીભાઈ નાદપરા રહે. જૂનાગઢ વાળાએ સંબંધના દાવે હાથ ઉછીના વેપાર ધંધાના કામ માટે રૂપિયા ૭,૦૦,૦૦૦ લીધેલા હતા. આ રકમ ચૂકવવા માટે આરોપી કાંતીલાલને ફરિયાદી વિનોદભાઈને રૂપિયા ૭ લાખનો ચેક આપેલો તે ચેક ફરિયાદીઓએ તેમના બેંકના ખાતામાં જમા કરાવતા ચેક બાઉન્સ થયેલો. જેની નેગોશીએબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટની કલમ મુજબ ફરિયાદી વિનોદભાઈએ આરોપી કાંતીલાલ રામજીભાઈ નાદપરા સામે જૂનાગઢ કોર્ટ સમક્ષ કરેલ. આરોપી હાજર ન રહેતા જૂનાગઢ કોર્ટ કેસ એકતરફી પુરાવો લઈ ચલાવી, ફરિયાદીપક્ષની દલીલો સાંભળી આરોપીને એક વર્ષની સાદી કેસ અને રૂપિયા ૫૦૦૦ દંડ ફટકારેલ છે અને જો દંડ ન ભરે તો ૩ માસ વધારાની સજા તેમજ વિનોદભાઈ ૭ લાખ વળતર પેટે ચુકવવા હુકમ કરેલ. આ કામમાં ફરિયાદીના તરફે એડવોકેટ શશીકાન્ત બોરીચાંગર હતા.

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

સેલ... સેલ... સેલ...
હવે જુનાગઢ શહેરની જનતા માટે અમો લાવ્યા છીએ. અકલ્પનીય વસ્તુ માત્રન ને માત્ર ૯૯/-માં
BEST PRICE THE 99 STORE 100% GUARANTEE
(કપડા) (રમકડા) (ગીફ્ટ) (પ્લાસટીક આઈટમ) (કોફીસેટ) (મગસેટ) (કોસ્મેટીક આઈટમ) (અવનવી કાચની વસ્તુઓ.)
તેમજ ઘરમાં ઉપયોગ થતી તમામ વસ્તુઓ માત્ર ને માત્ર ૯૯. રૂપિયા મા.
રવિવારે શોપ ખુલ્લી રાખવામાં આવશે.
THE 99 STORE
સેન્ટ્રલ પ્લાઝા, શોપ નં. ૧૨/૧૩ મધુરમ, બાયપાસ પાસે જુનાગઢ. મો. ૮૧૨૮૬૯૫૮૯૫ / ૮૩૨૦૯૦૭૭૭૯

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.